

مالانامہ البلاغ

AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

માસિક

ફેબ્રુઆરી - ૨૦૧૯


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

ધાર્મિક જ્ઞાન, જાનકારી, વાંચન અને અભ્યાસ પાછળ ધર્મનું અનુસરણ અને આધ્યાત્મિક – રૂહાની કેળવણીનો મકસદ હોવો જરૂરી છે.

આ મુબારક ઈલ્મ અને પવિત્ર જ્ઞાન કોઈની સાથે વાદવિવાદ કરવા કે બીજાઓને ગુમરાહ – અધર્મી પૂરવાર કરવા માટે ન હોવું જોઈએ.

**અનુક્રમણિકા**


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| મઆરિફુલ હદીસ | ૫ |
| ઈસ્લામ વિરુદ્ધ પ્રપંચો | ૯ |
| બુઝુર્ગોની ટીકા કરવાના નુકસાનો | ૧૪ |
| ઈસ્લામ અને ખિલાફત | ૧૭ |
| હઝ. મવ. સય્યિદ વાઝેહ રશીદ રહ. | ૨૦ |
| બદગુમાનીની નહૂસત | ૨૨ |
| મો.મ.હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક પર્વ | ૨૫ |
| ફતાવા વિભાગ | ૨૮ |
| બોધકથા | ૩૧ |
| Muslims and India's Freedom Struggle | ૩૨ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

ફેબ્રુઆરી – ૨૦૧૯ ઈ.

જમા.અવ્વલ – ૧૪૪૦ હિ.

વર્ષ – ૧૮, અંક – ૧૨

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

# શુક્ર અને સબ્ર

હઝરત સુહૈબ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું : મો'મિન બંદાનો મામલો પણ અજીબ છે. તેના દરેક મામલામાં અને દરેક હાલતમાં ભલાઈ જ ભલાઈ છે. તેને જો ખુશી, રાહત અને આરામ મળે તો તે શુક્ર કરે છે. અને તેમાં એના માટે ભલાઈ જ ભલાઈ છે. અને જો તેને કોઈ દુઃખ અથવા રંજ પહોંચે છે તો (તેને પણ પોતાના રહીમ કરીમ પરવરદિગારનો ફેંસલો અને તેની મરજી માની) તેના પર સબ્ર કરે છે. અને એ સબ્ર પણ તેના માટે સરાસર ભલાઈ અને બરકતનું કારણ છે.

આ જગતમાં તકલીફ અને આરામ તો સૌ માટે જ છે, પરંતુ એ તકલીફ અને આરામથી અલ્લાહ તઆલાની રજામંદી અને તેની નજદીકી પ્રાપ્ત કરવી ફકત ઈમાનવાળાઓનો જ હિસ્સો છે. એમણે અલ્લાહ તઆલાની સાથે ઈમાની બંધન બાંધેલુ છે. તેઓ ચેન અને આરામ અને ખુશીની દરેક પળોમાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે છે. અને જયારે કોઈ રંજ અને દુઃખમાં મુકાય જાય છે અને બુરી હાલત સામે આવે છે તો તે બંદગીની પુરી શાન સાથે સબ્ર કરે છે. સુખ દુઃખ, ખુશી ગમી એવી વસ્તુઓ છે કે માણસનું જીવન કયારેય ખાલી નથી રહેતું. આમ આ ખુદાના બંદાઓના દિલો પણ સબ્ર અથવા શુક્રની ઈબાદતમાં હમેશાં મશ્ગૂલ રહે છે.

## તંત્રી સ્થાનેથી....

૧૮૫૭ના અસફળ બળવા બાદ અંગ્રેજોએ લોકોને ઈસાઈ બનાવવા માટે પૂરજોશમાં અભિયાન ચલાવ્યું હતું. જવાબમાં ઉલમાએ કિરામે મુસલમાનો–ઈસ્લામની રક્ષા ખાતર આગળ આવી દેશભરમાં મદ્રેસાઓની એક જાળ બીછાવી. આજે એ વાતને દોઢસો વરસ વીતી ગયા છે. આ દોઢસો વરસમાં મદ્રસાઓએ જે બેનમૂન સેવાઓ બજાવી એની ઉપેક્ષા ન થઈ શકે.... પરંતુ એક જીવંત કોમ માટે જરૂરી છે કે પ્રવતમાન ચેલેન્જોને સમજી તેના પ્રતિકાર, પોતાનામાં સુધાર અને ભવિષ્યના આયોજન માટે સતત પ્રયત્નશીલ રહે.

૧૮૫૭ બાદ શરૂમાં ધાર્મિક તાલીમ મુખ્ય રીતે રક્ષણાત્મક પોલીસીને આધીન હતી. કારી તય્યિબ સાહબ (રહ.) ફરમાવે છે કે " ઉલમાઓ ભેગા થયા કે મદ્રેસાઓ સ્થાપવામાં આવે, જેથી આ દેશમાં મુસલમાનોનો ધર્મ રક્ષિત થઈ જાય. સાથે જ એમાં આ આશા પણ શામેલ હતી કે મુસલમાનોનો ઈસ્લામી દબદબો તો ગયો, પરંતુ શકય છે કે દીન–દીની જઝબાત–લાગણીઓની હિફાઝત કરી લેવામાં આવી તો એના વડે શેષ વિશ્વને સુધારી શકાય." માટે હવે સમય પાકી ગયો છે કે એક નુતન આયોજન દ્વારા નવા જોશ સાથે દીની સેવાઓથી દુનિયાને સુધારવા, શણગારવાનો પ્રયત્ન કરવામાં આવે. ઈસ્લામના અમૃતસંદેશને સઘળા મનુષ્યો સુધી પહોંચાડવામાં આવે. આ માટે મુનાજરહ –ડીબેટ–હરિફાઈની રીતને બદલે મુકાલમહ–વાતચીત–ડાયલોગની રાહ અપનાવવી જરૂરત છે.

હવે અતિ આવશ્યક થઈ પડયું છે કે ઉપલબ્ધ માધ્યમોનો ભરપૂર ઉપયોગ કરી ઈસ્લામના નિર્મળ સંદેશને વિશ્વ સમક્ષ મુકવામાં આવે, ભામ્રકતાઓને દૂર કરવામાં આવે.

વૈચારિક, સાંસ્કૃતિક, સામાજિક, વૈજ્ઞાનિક સ્તરે જે પરિવર્તનો આવી રહયા છે એની જાણકારી અને સમજ કેળવવામાં આવે અને એ વિષે ઈસ્લામના દષ્ટિકોણને વિશ્વ સમક્ષ સુંદર અને તર્કસંગત રીતે રજૂ કરવામાં આવે. જેમ કે જીનેટીક એન્જન્યરીંગ વડે કલોનિંગ દ્વારા (સ્ત્રી પુરૂષના સહયોગ વિના) જાનવરો કે માનવીના પેદા કરવાની શકયતાઓ વધી ગઈ છે. એ જ પ્રમાણે કોઈ માણસને વધુ તકલીફથી બચાવવા કોઈ યોગ્ય અને સરળ રીત વડે મારી નાંખવો. વગેરે. આ બધા એવા પ્રશ્નો છે કે જેનો ઉત્તર અને સમજ, સુંદર અને તર્કબદ્ધ રીતે વિશ્વ સમક્ષ પહોંચાડવો જરૂરી છે.

વ્યાજના નુકસાનો, ખામીઓ, વ્યાજયુકત વ્યવસ્થાની ખરાબ અસરો, અને એના પર્યાય રૂપે વ્યાજમુકત બેંક વ્યવસ્થાનો પરિચય અને માળખું રજુ કરી વિશ્વ સમક્ષ રજૂ કરવાની જરૂરત છે. વર્તમાન નાણાકીય વ્યવસ્થાના કારણે નાણાકીય પ્રવાહ અત્યંત અન્યાયી રીતે એક જ તરફ વહી રહયો છે. જેના લઈ અમીર–ગરીબનો તફાવત અને બન્ને વચ્ચે ખાઈ વધી રહી છે. સાથે જ મુસલમાનોના ઉત્કર્ષ અને સુધાર માટે ઝકાતની વ્યવસ્થાને પણ મજબૂત બનાવવાની જરૂરત છે.

ભાઈચારા–બંધુત્વ વિના ઉમ્મતની પ્રગતિ શકય નથી. મુસલમાનોમાં અંદરો અંદર વિરોધાભાસ વધી રહયો છે. પરંતુ વિરોધાભાસોને શત્રુતા અને અલગતા સુધી પહોંચવા દેવા જોઈએ નહીં. એક બીજાને સહન કરવાની ભાવના, હિંમત કેળવવાની જરૂરત છે. ઈસ્લામના શત્રુઓ વિવિધ ધર્મો પાળતા હોવા છતાં ઈસ્લામ શત્રુતામાં એક છે. અને એક કુર્આન, એક કાબા, એક અલ્લાહ, એક રસૂલ પર શ્રદ્ધા ધરાવનારા અંદરો અંદર લડે, એ કેટલી બદનસીબીની વાત કહેવાય.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ. (બ્લેકબર્ન. યુ.કે.)*

**૧૨૯**

## ગુનાહોથી પાક હોવાનો અકીદો, તેમજ રસૂલુલ્લાહ (સલ.)ના ગુનાહોની માફી

આ હદીષમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ગુનાહોની માફીનો ઉલ્લેખ છે. અને "જંબ"નો અર્થ ગુનાહનો કરવામાં આવે છે. જેથી એ સવાલ પેદા થાય છે કે જયારે નબીયોનું માસૂમ હોવાનો એહલે હકનો માનેલો અકીદો છે. પછી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ગુનાહોની માફીનો શું અર્થ છે ? એના જવાબમાં જે કંઈ કહેવામાં આવ્યું અને કહેવામાં આવે છે. તેમાં સૌથી વધુ સમઝમાં આવે અને દિલમાં ઉતરે એવી વાત મુજ નાચીઝ સામે એ છે કે આપના માસૂમ હોવાનો અર્થ એ છે કે આપ તે બુરાઈઓથી મહફૂઝ છે. જે ગુનાહો અને મુન્કર વાતોમાંથી છે. અને જે ઉમ્મતના હકમાં પણ ગુનોહ છે. પરંતુ એવી વાતો દરેક નબી અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી પણ બની શકે છે. જે ભલે ગુનોહ ન હોય પરંતુ "ખિલાફે અવલા" અથવા આપની ઉચ્ચ શાનના હિસાબે નામુનાસિબ (અયોગ્ય) હોય જેમકે દાખલા રૂપે મધ હરામ કરવાનો બનાવ અથવા અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ (રદિ.) તરફ એક મોકા પર ધ્યાન ન આપવાનો બનાવ જેના પર સૂરએ તહરીમ અને સૂરએ અબસમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને મહોબ્બતના ખાસ અંદાજમાં ચેતવણી આપવામાં આવી.

મતલબ કે આવી નજીવી ભુલો અંબિયા (અલૈહિસ્સલામ)થી પણ થઈ જાય છે. અને ભલે તે ચીઝો ગુનાહની હદમાં નથી આવતી, પરંતુ "કરીબાંરા બેશ બુવદ હેરાની"ના કાયદા મુજબ તે લોકો પોતાની આ નજીવી ભુલોથી એટલા ફિકરમંદ અને ઉદાસ થાય છે કે આપણે આપણા મોટા મોટા

ગુનાહોથી પણ એટલા ફિકરમંદ થતા નથી. બસ કુર્આન અને હદીષમાં જયાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અથવા કોઈ પણ પયગમ્બરના ગુનાહોની માફીનો ઉલ્લેખ થાય છે. ત્યાં આવી જાતની ભુલોની માફીનો અર્થ થાય છે. ''જંબ''નો શબ્દકોષના હિસાબે થતા અર્થમાં એટલી વિશાળતા છે કે તેનાથી આવી જાતની ભુલો પણ સમાવી શકાય છે.

(٢٠٨) عَنْ اَبِی هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رَحِمَ اللّٰهُ رَجُلاً قَامَ مِنَ اللَّيْلِ فَصَلّٰى وَاَيْقَظَ اِمْرَأَتَهٗ فَصَلَّتْ فَاِنْ اَبَتْ نَضَحَ فِی وَجْهِهَا الْمَاءَ رَحِمَ اللّٰهُ اِمْرَأَةً قَامَتْ مِنَ اللَّيْلِ فَصَلَّتْ وَاَيْقَظَتْ زَوجَهَا فَصَلّٰى فَاِنْ اَبٰى نَضَحَتْ فِی وَجْهِهِ الْمَاءَ۔ (رواه ابوداؤد والنسائی)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ અલ્લાહની રહમત થાય તે બંદા પર કે જે રાત્રે ઉઠયો અને તેણે તહજ્જુદની નમાઝ પઢી, અને પોતાની પત્નિને પણ જગાડી, તેણીએ પણ નમાઝ પઢી, અને જો (ઉંઘના કારણે) તે ન ઉઠી તો તેના મોં પર પાણીનો હલ્કો છંટકાવ કરી તેણીને જગાડી દીધી. અને એ જ મુજબ અલ્લાહની રહમત થાય તે બંદી પર કે જે રાત્રે તહજ્જુદ માટે ઉઠી, તેણીએ નમાઝ અદા કરી અને તેના પતિને જગાડયો, પછી તેણે પણ ઉઠી નમાઝ પઢી, અને જો કદાચ તે ન ઉઠયો, તો તેના મોં પર પાણીનો હલ્કો છંટકાવ કરી ઉઠાડી દીધો. (અૂબ દાઉદ, નસાઈ)

ખુલાસો :– આ હદીષ સમઝવા માટે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જે સહાબા (રદિ.) સામે આ વાત ફરમાવી હતી, તેઓ તહજ્જુદની નમાઝ વિષે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સુચનો સાંભળી, અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હાલત જોઈ યકીન સાથે જાણતા હતા કે તેમાં બંદાને શું મળે છે. અને તેનાથી મેહરૂમ (વંચિત) રહેવું કેટલું મહાન નુકસાન છે. દરજાઓના ફેરફાર છતાં લગભગ બધા જ સહાબા સ્ત્રી અને પુરૂષોની દરેકની એ હાલત હતી, જેથી કુદરતી રીતે તેમનામાંથી દરેક આ દોલતના શોખીન અને લાલચી હતા, છતાં પણ એવું થઈ શકે છે, બલ્કે જરૂર થતું હશે, કે કોઈ રાત્રે પતિની આંખ વખત પર ખુલી ગઈ અને પત્નિ સુઈ રહી, અથવા પત્નિની આંખ ખુલી ગઈ, અને

પતિ સુઈ રહ્યો પછી જાગતા માણસે સુતેલાને જગાડવાનું ઈચ્છયું, અને તે સુસ્તી અને ઉઘના કારણે તે સમયે તૈયાર ન થયો, તો મહોબ્બત અને સંબંધના ભરોષા પર મોં ઉપર પાણી છાંટી જગાડી દીધો, ખુલ્લી વાત છે કે આ રીતે એ કામ કોઈના નારાઝ થવા અથવા સંબંધો બગડવાનું કારણ નહી બને. બલકે ઈન્શા અલ્લાહ આપસમાં મહોબ્બત, અને પ્યારમાં વધારો થવાનું કારણ બનશે.

મતલબ કે આ હદીષનો સંબંધ એવી હાલત સાથે છે. અને હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની પ્રેરણા એવા જ ખુશનસીબ પતિ પત્નિઓ માટે છે. જેઓ એના લાયક છે. અને તેઓ જાતે પણ આ મહામૂલી નેઅમત એટલે કે તહજ્જુદની નમાઝની કદર કરનારાઓ અને શોખીન હોય.

## તહજ્જુદની નમાઝની કઝા અને તેનો બદલો

(٢٠٩) عَنْ عُمَرَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ نَامَ عَنْ حِزْبِهٖ اَوْ عَنْ شَیْءٍ مِنْهُ فَقَرَأَهٗ فِيْمَا بَيْنَ صَلٰوةِ الْفَجْرِ وَصَلٰوةِ الظُّهْرِ كُتِبَ لَهٗ كَاَنَّمَا قَرَأَهٗ مِنَ اللَّيْلِ۔

(رواہ مسلم)

તરજુમો:– હઝરત ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: જે માણસ રાત્રે સુઈ રહ્યો, તેના નક્કી કરેલા વજીફાઓ છોડીને અથવા તે ઝિક્રનો કોઈ ભાગ બાકી રહી ગયો, પણ તેણે તેને પઢી લીધો, ફજર અને ઝોહરની નમાઝ દર્મિયાન, તો તેના હકમાં તે જ મુજબ લખવામાં આવશે જેવો તે રાત્રે પઢતો હશે.

ખુલાસો :– મતલબ એ છે કે જે માણસે રાત માટે પોતાનો કોઈ ઝિક્ર નક્કી કરી રાખ્યો હોય, દાખલા રૂપે એ કે હું આટલી રકાતો પઢયા કરીશ, અને તેમાં આટલું કુર્આન પાક પઢીશ, અને કોઈ રાત્રે સુઈ રહ્યો, તેનો વજીફો અથવા તેનો કોઈ ભાગ બાકી રહી જાય, તો જો તે તે જ દિવસે ઝોહરથી પહેલાં પહેલા તેને પઢી લેશે, તો હક તઆલા તેના માટે રાત્રે પઢવા જેટલો સવાબ અર્પણ કરશે.

(٢١٠) عَنْ عَائِشَةَؓ اَنَّ النَّبِیَّ ﷺ كَانَ اِذَا فَاتَتْهُ الصَّلٰوةُ مِنَ اللَّيْلِ مَنْ وَجْعٍ اَوْ غَيْرِهٖ صَلّٰى مِنَ النَّهَارِ ثِنْتَیْ عَشْرَةَ رَكْعَةً۔ (رواہ مسلم)

તરજુમો:– હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની જયારે કોઈ બીમારીના કારણે તહજ્જુદની નમાઝ છુટી જતી તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેના બદલે દિવસે બાર રકાતો પઢતા હતા. (મુસ્લિમ શરીફ)

(۲۱۱) عَنْ عَائِشَةَ ؓ قَالَتْ كَانَ النَّبِيُّ ﷺ يُصَلِّى مِنَ اللَّيْلِ ثَلَاثَ عَشْرَةَ رَكْعَةً مِنْهَا الْوِتْرُ وَرَكْعَتَا الْفَجْرِ۔ (رواہ مسلم)

તરજુમોઃ– હઝરત આયશા સિદીકા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)રાતમાં તેર રકાત પઢતા હતા જેમાં વિત્ર અને ફજરની બે રકાત સુન્નતો પણ શામેલ હતી. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– આ હદીષમાં હઝરત આયશા (રદિ.)એ તહજ્જુદની રકાતો વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો જે મામૂલ બતાવ્યો છે તે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો વધુ વખત માટેનો છે. નહીં તો પોતે હઝરત આયશા (રદિ.)ની જ અમૂક બીજી રિવાયતોથી જણાય છે કે કોઈ કોઈ વાર આપ(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એનાથી પણ ઓછી રકાતો પઢતા હતા.

(۲۱۲) عَنْ مَسْرُوْقٍ ؓ قَالَ سَأَلْتُ عَائِشَةَ ؓ عَنْ صَلٰوةِ رَسُوْلِ اللّٰهِ ﷺ بِاللَّيْلِ فَقَالَتْ سَبْعٌ وَتِسْعٌ وَاِحْدٰى عَشْرَةَ رَكْعَةً سِوَى رَكْعَتِى الْفَجْرِ۔(البخاری)

તરજુમોઃ– હઝરત મસરૂક તાબઈ (રહ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની તહજ્જુદની નમાઝ વિષે હઝરત આયશા સિદીકા (રદિ.)ને પુછયું (કે કેટલી રકાત આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પઢતા હતા) તેમણે ફરમાવ્યુંઃ સાત અને નવ અને અગિયાર, ફજરની સુન્નતોની બે રકાતો સિવાય. (બુખારી શરીફ)

ખુલાસો :– હઝરત આયશા સિદીકા (રદિ.)ના જવાબનો ભાવાર્થ એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તહજ્જુદમાં કોઈ વખત માત્ર સાત રકાતો પઢતા હતા, (એટલે ચાર રકાત તહજ્જુદ અને ત્રણ રકાત વિત્ર) અને કોઈ વાર નવ રકાતો (એટલે છ રકાતો તહજ્જુદ અને ત્રણ રકાત વિત્ર) અને કોઈવાર અગિયાર (એટલે આઠ રકાતો તહજ્જુદ અને ત્રણ રકાત વિત્ર) આ વિગત જાતે હઝરત આયશા સિદીકા (રદિ.)ની તે હદીષમાં મોજુદ છે. જે વિત્રના બયાનમાં સુનને અબૂ દાઉદના હવાલાથી ટાંકી ચુકયા છે.

# ઇસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ યહૂદી - ઈસાઈઓના પ્રપંચો અને લોકોની ગુમરાહીઓ

*––મુફતી ફરીદ અહમદ કાવી*

بسم الله الرحمن الرحيم

يٰٓاَهۡلَ الۡكِتٰبِ لِمَ تُحَآجُّوۡنَ فِىۡۤ اِبۡرٰهِيۡمَ وَمَاۤ اُنۡزِلَتِ
التَّوۡرٰىةُ وَالۡاِنۡجِيۡلُ اِلَّا مِنۡۢ بَعۡدِهٖ ؕ اَفَلَا تَعۡقِلُوۡنَ ﴿٦٥﴾
هٰۤاَنۡتُمۡ هٰٓؤُلَاۤءِ حَاجَجۡتُمۡ فِيۡمَا لَـكُمۡ بِهٖ عِلۡمٌ فَلِمَ
تُحَآجُّوۡنَ فِيۡمَا لَيۡسَ لَـكُمۡ بِهٖ عِلۡمٌ ؕ وَاللّٰهُ يَعۡلَمُ وَاَنۡتُمۡ
لَا تَعۡلَمُوۡنَ ﴿٦٦﴾ مَا كَانَ اِبۡرٰهِيۡمُ يَهُوۡدِيًّا وَّلَا نَصۡرَانِيًّا
وَّلٰكِنۡ كَانَ حَنِيۡفًا مُّسۡلِمًا ؕ وَمَا كَانَ مِنَ
الۡمُشۡرِكِيۡنَ ﴿٦٧﴾ اِنَّ اَوۡلَى النَّاسِ بِاِبۡرٰهِيۡمَ لَـلَّذِيۡنَ
اتَّبَعُوۡهُ وَهٰذَا النَّبِىُّ وَالَّذِيۡنَ اٰمَنُوۡا ؕ وَاللّٰهُ وَلِىُّ
الۡمُؤۡمِنِيۡنَ ﴿٦٨﴾ وَدَّتۡ طَّآٮِٕفَةٌ مِّنۡ اَهۡلِ الۡكِتٰبِ لَوۡ
يُضِلُّوۡنَكُمۡ ؕ وَمَا يُضِلُّوۡنَ اِلَّاۤ اَنۡفُسَهُمۡ وَمَا
يَشۡعُرُوۡنَ ﴿٦٩﴾ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَكۡفُرُوۡنَ بِاٰيٰتِ اللّٰهِ
وَاَنۡتُمۡ تَشۡهَدُوۡنَ ﴿٧٠﴾ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَلۡبِسُوۡنَ الۡحَـقَّ
بِالۡبَاطِلِ وَتَكۡتُمُوۡنَ الۡحَـقَّ وَاَنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿٧١﴾ وَقَالَتۡ
طَّآٮِٕفَةٌ مِّنۡ اَهۡلِ الۡكِتٰبِ اٰمِنُوۡا بِالَّذِىۡۤ اُنۡزِلَ عَلَى
الَّذِيۡنَ اٰمَنُوۡا وَجۡهَ النَّهَارِ وَاكۡفُرُوۡۤا اٰخِرَهٗ لَعَلَّهُمۡ
يَرۡجِعُوۡنَ ﴿٧٢﴾ وَلَا تُؤۡمِنُوۡۤا اِلَّا لِمَنۡ تَبِعَ دِيۡنَكُمۡ ؕ قُلۡ اِنَّ
الۡهُدٰى هُدَى اللّٰهِ ۙ اَنۡ يُّؤۡتٰٓى اَحَدٌ مِّثۡلَ مَاۤ اُوۡتِيۡتُمۡ اَوۡ
يُحَآجُّوۡكُمۡ عِنۡدَ رَبِّكُمۡ ؕ قُلۡ اِنَّ الۡفَضۡلَ بِيَدِ اللّٰهِ ۚ
يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيۡمٌ ﴿٧٣﴾ يَّخۡتَصُّ
بِرَحۡمَتِهٖ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الۡفَضۡلِ الۡعَظِيۡمِ ﴿٧٤﴾

તરજમહ : હે અહલે કિતાબ ! શા માટે તમે ઈબ્રાહીમ (અલૈ.) વિશે ઝઘડો કરો છો ? જયારે કે તવરાત તથા ઈન્જીલ એમના પછી જ ઊતરી છે, છતાં શું તમે સમજતા નથી ? (૬૫) આ, તમે તે જ લોકો છો, જેમણે એવી બાબતોમાં ઝઘડો કર્યો, જેનું કંઈક ઈલ્મ તમને હતું, પછી એવી બાબતે કેમ ઝઘડો છો, જેનું તમને કંઈ ઈલ્મ નથી ? અને આ બધું અલ્લાહ જાણે છે, પણ તમે નથી જાણતા. (૬૬) ઈબ્રાહીમ (અલૈ.) ન તો યહૂદી હતા અને ન ઈસાઈ હતા, પરંતુ તેઓ એકતરફી (નિખાલસ) મુસલમાન હતા, અને મુશરિક બિલ્કુલ ન હતા.(૬૭) બેશક લોકો માંહે ઈબ્રાહીમ (અલૈ.) થી સૌથી નિકટ તે લોકો છે, જેઓ એમના તાબેદાર હતા, અને આ નબી તેમજ આ નબી ઉપર ઈમાન લાવનાર લોકો. અને અલ્લાહ ઈમાનવાળાઓનો વાલી – મદદગાર છે.(૬૮)અહલે કિતાબનો એક સમૂહ ચાહે છે કે તમને

ગુમરાહ કરી દે, પણ (આવી રીતે) તેઓ પોતાને જ ગુમરાહ કરી રહ્યા છે, અને તેઓને તેની ખબર સુદ્ધાં નથી (૬૯) હે અહલે કિતાબ ! તમે શા માટે અલ્લાહની આયતોનો ઈન્કાર કરો છો ? જયારે કે તમે (એના સાચા હોવાની) ગવાહી આપો છો. (૭૦) હે અહલે કિતાબ ! શા માટે તમે હકને બાતિલ સાથે ભેળવો છો ? અને (શા માટે) તમે હકને છુપાવો છો ? જયારે કે તમે (એના સત્ય હોવાને) જાણો છો.(૭૧) અને અહલે કિતાબમાંથી એક સમુહ કહે છે કે મુસલમાનો ઉપર જે (કુર્આન) ઉતારવામાં આવે, સવારે તેના ઉપર ઈમાન વ્યકત કરો, અને દિવસના અંતે ઈન્કાર કરી દો, કદાચ તેઓ પણ (ઈમાનથી) ફરી જાય. (૭૨) અને જે માણસ તમારા ધર્મને અનુસરે, એના સિવાય કોઈના ઉપર ઈમાન ન લાવો –આપ ફરમાવી દો કે બેશક, હિદાયત તો અલ્લાહની જ હિદાયત છે– એટલા માટે કે કોઈ બીજાને (મુહમ્મદ)ને એવો દીન આપવામાં આવ્યો, જેવો તમને આપવામાં આવ્યો હતો અથવા એ બધા મુસલમાનો તમારા પરવરદિગાર પાસે તમારી સામે દલીલ કરશે ? આપ ફરમાવી દો કે આ મહેરબાની અલ્લાહના હાથમાં છે, તે ચાહે તેને આપે છે અને અલ્લાહ બહુ ઉદાર સઘળું જાણનાર છે. (૭૩) જેને ચાહે છે તેને પોતાની રહમતનો વિશેષ હકદાર બનાવે છે અને અલ્લાહ મોટી મહેરબાની વાળો છે. (૭૪)

તફસીર : યહૂદી હઝરત મૂસા અલૈ. ઉપર અને ઈસાઈ લોકો હઝરત ઈસા અલૈ. ઉપર ઈમાન ધરાવવાનો દાવો કરતા હતા. આ સ્થિતિમાં એમના સમક્ષ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત દીને ઈસ્લામ રજૂ કરીને દર્શાવવામાં આવ્યું કે, આ ઈસ્લામ તે જ દીન છે, જે હઝરત ઈબ્રાહીમ અલૈ.નો દીન હતો. હઝરત ઈબ્રાહીમ અલૈ.ને યહૂદી, ઈસાઈ અને મુશ્રિકીન, બધા જ અલ્લાહના નબી માનવાની સાથે પોતાના મહાન પૂર્વજ પણ માનતા હતા. ઈબ્રાહીમ અલૈ.ના દીન સાથે ઈસ્લામનો સંબંધ હોવાની વાત જયારે એમને કહેવામાં આવી તો યહૂદી કહેવા લાગ્યા કે ઈબ્રાહીમ અલૈ. યહૂદી હતા, ઈસાઈઓ કહેવા લાગ્યા કે તેઓ ઈસાઈ હતા. અલ્લાહ તઆલા આ આયતમાં એમને જવાબ આપે છે કે ઈબ્રાહીમ અલૈ. યહૂદી કે ઈસાઈ કેવી રીતે હોય શકે ? તેઓનો સમય કાળ તો ઘણા પહેલાંનો છે.

યહૂદીઓની કિતાબ તવરાત અને ઈસાઈઓની કિતાબ ઈન્જીલ, તો હઝ. ઈબ્રાહીમ અલૈ.ના વરસો પછી નાઝિલ કરવામાં આવી છે. અને તમને વળી હઝરત ઈબ્રાહીમ અલૈ.નો દીન – ધર્મ નક્કી કરવાનો શો અધિકાર ? જે કિતાબો અને ઈલ્મ તમને તમારા નબી દ્વારા આપવામાં આવ્યું એમાં જ તમે ઝઘડો છો, એને સમજ્યા નથી, અમલ નથી કરતા, તો પછી તમને જે વિષયની કોઈ જ જાણકારી નથી, એ હઝરત ઈબ્રાહીમ અલૈ.ના દીન વિશે તમે કેમ કરીને દાવો કરો છો કે તેઓ યહૂદી કે નસરાની હતા ? માટે સાંભળી લ્યો, હઝ. ઈબ્રાહીમ અલૈ. યહૂદી કે ઈસાઈ ન હતા, તેઓ તો નિખાલસ મુસલમાન હતા. અને તેઓ અલ્લાહ તઆલા સાથે કોઈને શરીક કરતા ન હતા, એ તો તમે પણ સ્વીકારો છો, તો પછી તમે કેમ અલ્લાહ તઆલા સાથે નબીઓને શરીક કરો છો ?

નોંધ : સઘળા નબીઓનો દીન – મઝહબ એક જ છે, અને એ આધારે જ બધા નબીઓ ઉપર ઈમાન લાવવું જરૂરી છે. આ મુસલમાનોનો અકીદો છે, એ આધારે હઝરત ઈબ્રાહીમ અલૈ.ના યહૂદી કે નસરાની હોવાનો ઈન્કાર કરવાનો મતલબ એ છે કે સાચા ધર્મમાં ફેરફાર કરીને યહૂદી – ઈસાઈઓ એમ કહેતા હતા કે આ જ સાચો દીન છે અને આ જ હઝ. ઈબ્રાહીમ અલૈ.નો દીન છે, આ આયતમાં એનો ઈન્કાર કરવામાં આવ્યો છે.

પછી આયત નં : ૬૮ માં કહેવામાં આવ્યું કે, હઝરત ઈબ્રાહીમ અલૈ. સાથે સૌથી નિકટનો સંબંધ એવા લોકોનો ગણાશે જેઓ એમને અનુસરતા હોય, અને તમારી સામે મોજૂદ નબી એટલે કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સંપૂર્ણ પણે એમને અનુસરે છે, એટલે તેઓ તેમજ એમના ઉપર ઈમાન લાવનાર મુસલમાનો જ એમના સાચા અનુયાયી અને નિકટના સંબંધી ગણાય. અને અલ્લાહ તઆલા આવા મોઅમિન બંદાઓનો મદદગાર છે.

આયત નં : ૬૯ માં યહૂદી – ઈસાઈ લોકોની એક ગુમરાહી વર્ણવવામાં આવી છે, આ લોકો યેનકેન પ્રકારે એવી કોશિશ કરતા રહેતા કે મુસલમાનો એમના ધર્મ ઉપરથી ડગમગી જાય, ગુમરાહ થઈ જાય, જેમ કે આજે પણ ઘણા ઈસાઈઓ કોશિશ કરે છે કે ભલે મુસલમાનો ઈસાઈ ન બને, પણ

કમથી કમ ઈસ્લામથી ગુમરાહ થઈ જાય. પરંતુ આમ કરવામાં તેઓ પોતે ગુનેગાર બનીને ગુમરાહ થઈ રહયા છે, એમને એનો એહસાસ પણ નથી.

આયત નં ૭૦–૭૧ માં અહલે કિતાબ લોકોને સંબંધીને બે વાતો કહેવામાં આવી છે, પ્રથમ આ કે અલ્લાહની જે નિશાનીઓ તમારી સામે છે, તમારી કિતાબમાં સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી છે, અને એમાં હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સાચા હોવાની નિશાનીઓ પણ છે, તમે કેમ કરીને એનો ઈન્કાર કરો છો ? નાફરમાનીની આટલી બધી હિમ્મત ?

બીજી વાત આ કે તમારી કિતાબોમાં જે નિશાનીઓ, આદેશો, આયતો સ્પષ્ટ રૂપે દર્શાવવામાં આવ્યાં છે, એમાં ફકત પોતાના સ્વાર્થ ખાતર બાતિલની ભેળસેળ કેમ કરો છો ? એટલે કે તવરાત – ઈન્જીલમાં દર્શાવવામાં આવેલ સાચી વાતો અને હુકમો લોકોને બતાવતા નથી, બલકે એમાં પોતાના તરફથી ખોટી – બાતિલ વાતો ભેળવીને લોકોને બતાવો છો, જેથી તમારો સ્વાર્થ જળવાય રહે અને લોકો દીને હકથી દૂર રહે.

આયત નં ૭૨ની તફસીરમાં મવલાના અબ્દુલ માજિદ દરયાબાદી રહ. લખે છે : મદીના અને આસપાસ રહેતા યહૂદીઓ મુસલમાનો વિરુદ્ધ અજીબો ગરીબ પ્રપંચો રચતા હતા. એકવાર નક્કી કર્યું કે દિલથી તો આપણે ફકત આપણા ધર્મને માનનાર યહૂદી આલિમોની જ વાત માનવાની છે, પણ દેખાવ ખાતર આપણા અમુક માણસો સવારે ઈસ્લામનો એકરાર કરીને મુસલમાન બની જાય અને પછી સાંજ સુધીમાં ઈસ્લામ છોડવાનું એલાન કરી દે અને લોકોને કહેવામાં આવે કે અમે ઈસ્લામને સમજવાની કોશિશ કરી તો અમને સમજાયું કે આ નબી અને ઈસ્લામ ધર્મ સાચો નથી, તવરાતમાં જેનો ઉલ્લેખ છે તે આ નબી અને આ ધર્મ નથી. લોકો આપણને આસમાની કિતાબોના વિદ્વાન સમજે છે, એટલે આપણી આવી હરકતથી તેઓ પણ ભરમાય જશે અને ઘણા ખરા મુસલમાન થયેલા લોકો પણ ઈસ્લામથી ફરી જશે.

મવલાના દરયાબાદી રહ. આગળ લખે છે કે યહૂદીઓ દરેક કાળે આવું કરતા આવ્યા છે. સ્પેનમાં મુસલમાનોની હુકૂમત હતી ત્યારે ઘણા યહૂદીઓ

ફકત દેખાવ ખાતર લાભ મેળવવા મુસલમાન બની ગયા હતા એનો ઉલ્લેખ જેવીશ ઈન્સાઈકલોપીડીયામાં પણ છે. આજે પણ ઘણા યહૂદીઓ લેખકો નિષ્પક્ષ સંશોધનના નામે એવી રીતે પોતાની વાત રજૂ કરે છે કે ઈસ્લામ અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સચ્ચાઈ અને મહાનતાને સ્વીકારતા હોય, પણ અંતે તેઓ ઈસ્લામ અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બુરાઈ કરે છે અથવા ખામીઓ દર્શાવે છે.

આવા લોકોને અલ્લાહ તઆલા જવાબ આપે છે કે, હિદાયત આપવી અલ્લાહનું કામ છે, તમારી આવી હરકતોથી કોઈ હિદાયતથી દૂર થઈ જાય એ તમારું માનવું ખોટું છે.

પછી આગળ અલ્લાહ તઆલા એમની આવી હરકતોનું કારણ જાહેર કરે છે, તેઓ આવું એટલા માટે કરે છે કે, મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું આમ નબી બની જવું એમને ગમ્યું નથી, તેઓ એમ સમજતા હતા કે નબી તો અમારી કોમ 'બની ઈસરાઈલ' (હઝરત યાકૂબ અલૈ.ના પુત્ર હઝ. ઈસ્હાક અલૈ.થી ચાલેલ વંશ)માંથી કોઈ હોય, અને મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ 'બની ઈસ્માઈલ' (હઝરત યાકૂબ અલૈ.ના પુત્ર હઝ. ઈસ્માઈલ અલૈ. થી ચાલેલ વંશ)માંથી હતા, અને આ જ કારણે તેઓ હસદ – અદેખાઈ કરતા હતા. અથવા એમને ડર છે કે આજે આપણે આ નબી અને એમના ધર્મને માની લઈશું તો કયામતના દિવસે અલ્લાહ તઆલા સમક્ષ મુસલમાનોનો પક્ષ વધારે મજબૂત થઈ જશે. પણ આ નાદાનોને ખબર નથી કે દીન અને ઈસ્લામ તો અલ્લાહ તઆલાની એક નેઅમત અને રહમત છે. અલ્લાહ તઆલા જેને ચાહે છે તેને આપે છે, એની રહમતમાં તમારા વિચારોની જેમ કંજૂસાઈ અને અદેખાઈ નથી. અત્યાર સુધી તમારા બની ઈસરાઈલમાં નબીઓ અને દીનની નેઅમત મોકલવામાં આવતી હતી, હવે એની રહમતથી આ નેઅમત બની ઈસ્માઈલને આપવામાં આવી છે. તમારી સઆદત એમાં છે કે આ નેઅમત પાછળ ચાલો, એના તાબેદાર બનો, અને અલ્લાહ તઆલાને પોતાના તાબેદાર બનાવવાની કોશિશ ન કરો.

---

# બુઝુર્ગોની બુરાઈ - ટીકા કરવાના ભયંકર નુકસાનો

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ
'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફ્તી ફરીદ અહમદ કાવી.*

હઝરત અકદસ શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી રહ.એ કુરઆનની આયત : ذلك بما عصوا و كانوا يعتدون ની તફસીરમાં આ વાત લખી છે કે, યહૂદીઓ નબીઓને શહીદ કરવા અને કુફ્ર કરવાની હિમ્મત એટલા માટે આવી કે તેઓ નબીઓની નાફરમાની કરતા હતા, અને નાફરમાની કરવાનો ગુનો ધીરે ધીરે એમની આદત બની ગયો. બીજા ગુનાઓ આચરવામાં પણ તેઓ એટલા બધા આગળ વધી ગયા કે ગુનાના કામને જ સારું સમજવા લાગ્યા. જે કોઈ એમને ગુનાહોથી રોકે એને દુશ્મન સમજતા હતા. અને છેલ્લે એવી હાલત થઈ ગઈ કે એમના નબીઓ એમને ગુનાઓથી રોકવા ખાતર વધારે મહેનત અને આગ્રહ કરવા લાગ્યા તો નબીઓને જ કતલ – શહીદ કરી દીધા અને અલ્લાહના સ્પષ્ટ આદેશોનો ઈન્કાર કરવા લાગ્યા.

ગુનાઓની બુરી અસર આવી જ હોય છે. ધીરે ધીરે અકીદાઓમાં કમઝોરી આવે છે અને પછી અકીદો બદલાય જાય છે. આ જ કારણે અલ્લાહવાળાઓ અને ઉલમાએ કિરામ લગાતાર ગુનાઓ કરવા વિશે તાકીદની મનાઈ ફરમાવે છે. ગુનાની આદત પડી જવાથી તે કામ સારું લાગવા માંડે છે, ગુનો હોવાનો એહસાસ ખતમ થઈ જાય છે. અને એ જે કોઈ એ ગુનાના કામમાં આડે આવે એને ખરાબ સમજવામાં આવે છે, અંતે માણસ કુફ્રના કિનારે અડી જાય છે. એટલે જ હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક રહ.નું કથન છે :

જે માણસ અદબ – મુસ્તહબ કામોને હલકા સમજીને છોડી દે છે, એને સજા સ્વરૂપે સુન્નત કામોથી મહરૂમ કરી દેવામાં આવે છે. અને જે માણસ સુન્નત કામોને હલકા સમજે છે, એને સજા સ્વરૂપે ફરજ કામોથી રોકી દેવામાં આવે છે. અને જે કોઈ ફરજ કામોને હલકા સમજે છે એને મઅરિફતથી

મહરૂમ કરી દેવામાં આવે છે.

આ ઘણી જ ખતરનાક બાબત છે. શરીઅતના સામાન્ય મુસ્તહબ કામને પણ હલકું કે બેકાર સમજીને છોડવામાં ન આવે. શરીઅતની સાંકળની દરેક કડી એનાથી ઉપરની કડી સાથે જોડાયેલી છે, એકને છોડવાથી બીજી કડી પણ હાથમાંથી જતી રહે છે. અલ્લાહ વાળાઓ અને બુઝુર્ગોનો એહતેરામ, સન્માન એક અદબ અને મુસ્તહબ કામ છે, પણ અદબ અને મુસ્તહબ કાર્યોને હલકા સમજવામાં ફરજથી મહરૂમ થવા અને કુફ્ર સુધીની નોબત આવી જતી હોય તો વિચારવું રહયું કે આ કેટલી ખતરનાક બાબત છે ? લોકો સામાન્ય અદબો અને નાના ગુનાઓને હલકા સમજીને લાપરવાહી વર્તે છે, પરંતુ તેઓ સમજતા નથી કે દીન અને શરીઅતનું દરેક કામ એક સાંકળની જેમ પરસ્પર જોડાયેલું છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

લોકો જયારે કોઈ બિદઅત અપનાવે છે તો અલ્લાહ તઆલા એક સુન્નત એમના અંદરથી ઉઠાવી લે છે. અને કયામત સુધી એ સુન્નત એમના અંદર પાછી નથી આવતી. (મિશ્કાત શરીફ)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : અલ્લાહ તઆલા જયારે કોઈને બરબાદ કરવાનો નિર્ણય કરે છે તો સહુપ્રથમ એના અંદરથી હયા – શર્મને ખતમ કરી દે છે, અને જયારે તે બેશર્મ – નિર્લજ્જ બની જાય છે તો તે લોકોનો શત્રુ અને લોકો એના શત્રુ બની જાય છે. પછી આ હાલતમાં એના અંદરથી અમાનતદારી ખતમ થઈ જાય છે, તે ખયાનત ખુલ્લેઆમ ખયાનત કરે છે, અને જયારે આ સ્થિતિએ પહોંચી જાય છે તો એના દિલમાંથી રહમત કાઢી લેવામાં આવે છે, તે મખ્લૂક ઉપર શફકત નથી કરતો, અને આવી સ્થિતિએ પહોંચીને લોકો વચ્ચે તે ધિક્કારપાત્ર બની જાય છે. અને જયારે આ હાલતે જઈ પહોંચે છે તો એના ઈસ્લામના દોરડું એની ગરદનમાંથી કાઢી લેવામાં આવે છે. (જામેઉસ્સગીર)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લ્મનો ઈરશાદ છે :

જે માણસ કોઈ મુસલમાનને તકલીફ પહોંચાડે છે, તે મને તકલીફ પહોંચાડે છે. અને જે મને તકલીફ પહોંચાડે છે તે અલ્લાહ તઆલાને તકલીફ પહોંચાડે છે. (જામેઉસ્સગીર)

કેટલી અઘરી બાબત છે, સામાન્ય મુસલમાનને તકલીફ આપવાનો આ ગુનો છે તો પછી સાચા પાકા મુસલમાન અલ્લાહ વાળાઓને તકલીફ આપવાનો કેટલો સખત ગુનો હશે !

અલ્લામહ શઅરાની તબકાતે કુબરામાં લખે છે કે ઈમામ અબૂતુરાબ બખ્શી રહ. મોટા સૂફી શેખ છે, તેઓ ફરમાવે છે કે, જયારે કોઈ માણસના દિલને અલ્લાહ તઆલા પ્રતિ વાંધા – વિરોધ સારો લાગે છે તો આવો માણસ અલ્લાહના નેક બંદાઓની ટીકા કરવામાં મશ્ગૂલ થઈ જાય છે. એટલે કે અલ્લાહ તઆલાથી દૂર અને અળખામણા માણસને જ અલ્લાહ વાળાઓની ટીકા – બુરાઈ કરવાની આદત હોય છે. ફારસીનો એક શેર છે :

چوں خدا خواہد کہ پردہ کس درد-- میلش اندر طعنہ نیکاں برد

જયારે અલ્લાહ તઆલા કોઈને રૂસ્વા કરવા ઈચ્છે છે તો એને નેક લોકોની ટીકા – બુરાઈમાં મશ્ગૂલ કરે છે.

શેખ અબૂલ હસન શાઝલી રહ. મશ્હૂર મહાન સૂફી બુઝુર્ગ છે. તેઓ ફરમાવે છે : અલ્લાહવાળાઓ સાથે એમના વિરોધીઓની મુસીબત સદા લાગેલી રહે છે. અમુક લોકો બુઝુર્ગો પ્રત્યે અકીદત દર્શાવે છે, પણ અમુક લોકોના નામ લઈને તેઓ કહેતા હોય છે કે ફલાણો માણસ અલ્લાહનો વલી કેવી રીતે હોય શકે છે ? તે પોતે જયારે વિલાયતના સ્થાનથી વાકેફ નથી તો પછી કોઈની વિલાયતનો ઈન્કાર કેવી રીતે કરે છે ? શેખ અબૂલ હસન રહ.એ ત્યાર પછી એવા અસબાબનો વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે જેના કારણે દિલમાં બુઝુર્ગો પ્રત્યે વાંધા – વિરોધના વિચારો આવે છે, એમાં એક બાબત આ પણ છે કે લોકો અમુક બુઝુર્ગોનો ફકત એટલા માટે વિરોધ કરે છે તે તેઓ માલદારો – અમીરો સાથે હળતા – મળતા હોય છે. લોકો કહે છે કે આ માણસ અલ્લાહનો વલી હોત તો એકાંતમાં બેસીને ઈલ્મ – ઈબાદતમાં મશ્ગૂલ હોત. આ ટીકાકારને એના પોતાના દીનની ફિકર હોય તો વિચારવું જોઈએ કે આ બુઝુર્ગ શા માટે અમીરો પાસે જાય છે ? પોતાના સ્વાર્થ ખાતર જાય છે કે કોઈ દીની મકસદથી જાય છે કે પછી મુસલમાનોની ભલાઈ માટે જાય છે કે કોઈ પરેશાનીથી બચવા જાય છે ? ઘણીવાર આવા કારણોથી અમીરોને મળવું જરૂરી અને દૂર રહેવું ગુનો હોય છે. (તબકાત) ●

# ઇસ્લામ ધર્મ અને ઇસ્લામી ખિલાફત ❑❑ એકબીજાના પૂરક ❑❑

એક સાથે રહેતા, વસતા અને વેપાર વહેવાર કરતા માનવીઓના મોટા સમુહમાં સૌ હળી મળીને રહે અને અમીર, ગરીબ, શકિતશાળી અને કમઝોર, બધા સમાન રીતે રહી શકે એટલા માટે કોઈ કાયદો અને બંધારણ હોય એ બધા જ સમજી શકે એવી વાત છે. અને આ કાયદા કાનૂનમાં દરેકને એના અધિકારોની બાંહેધરી આપવામાં આવી હોય તો જ એ બધાને ઉપયોગી થાય એ પણ સ્પષ્ટ છે. અને પછી આ કાયદાને અમલી રૂપે લાગુ કરવામાં પણ સમાનતા અપનાવવામાં આવે એ પહેલી કે છેલ્લી સૌથી મહત્વની બાબત છે.

રાજવ્યવસ્થાની સઘળી પ્રલાણીઓ આ બુનિયાદી બાબતોની આસપાસ ગુંથાયેલી હોય છે. રાજાશાહી હોય કે લોકશાહી, સામ્યાવાદ હોય કે મૂડીવાદ, બધી વ્યવસ્થાઓનું કેન્દ્રબિંદુ સમાન ન્યાય અને સમાન અધિકારો જ હોય છે. પણ કાગળો અને પુસ્તકોમાં લખેલા, નેતાઓના મોઢે બોલાયેલા કાયદાઓ કે કાનૂનને સમાન રીતે લાગુ નથી કરવામાં આવતા એ વર્તમાન રાજવ્યસ્થાઓની સૌથી મોટી ખામી છે.

ઈસ્લામી રાજવ્યવસ્થાનો બુનિયાદી સિદ્ધાંત આ છે કે કાનૂનની નજરે બધા જ સમાન હોય. એટલે કે સામાન્ય લોકોની જેમ ખલીફા અને અમીરને કોઈ વિશેષ રક્ષણ આપવામાં ન આવે. કોઈ પણ કાયદામાંથી એ બાકાત ન હોય. ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર અને ચોથા ખલીફા હઝરત અલી વિરુદ્ધ કોઈએ ફરિયાદ કરી તો એમને ફરિયાદીની જેમ જ કાજી સમક્ષ ઉભા રાખવામાં આવ્યા અને ન્યાય તોળવામાં આવ્યો. આજની વ્યવસ્થામાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મંત્રી – સંત્રીઓ કોઈ ગુનો કરે તો ન્યાયતંત્ર સામાન્ય માનવીઓની જેમ એમના વિરુદ્ધ કાર્યવાહી નથી કરી શકતું, બલકે ઘણી બધી મંજૂરીઓ લેવી પડે છે. એમની એક બે ગાડી માટે પણ આખા શહેરનો

ટ્રાફિક રોકી લેવામાં આવે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું : ઈસ્લામી વ્યવસ્થામાં બધા સમાન રહેશે. કાળા – ગોરા, આરબ કે ગેર આરબનો કોઈ ફરક નહીં રહે. બીજા ખલીફા હઝરત ઉમર પહેલા જ દિવસે એલાન કર્યું હતું કે જો હું કોઈ ભૂલ કરું તો બધાની સામે મારી પકડ કરવાનો તમને અધિકાર છે. અને પછી જયારે એક દિવસ એમના શરીરે બે ચાદરો જોવા મળી તો એક માણસે બધાની વચ્ચે જ પૂછી લીધું કે અમને બધાને એક ચાદર આપવામાં આવી છે તો તમારા શરીરે બે ચાદરો કેમ છે ?

ઈસ્લામી રાજવ્યવસ્થાની બીજી વિશેષતા કાયદા – કાનૂનની સર્વગ્રાહિતા છે. એટલે કે કોઈ કાયદો – કાનૂન આવેશમાં કે ઉતાવળે નથી બનાવવામાં આવ્યો અને ન તો એની પરવાનગી છે. મુળ વાત આ છે કે કાયદાઓ કાં તો અલ્લાહ અને એના પયગંબર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દ્વારા નક્કી કરી દેવામાં આવ્યા છે, જેમ કે વેપાર – વહેવાર, નિકાહ – તલાક અને સજાઓને લગતા અમુક કાયદાઓ નક્કી કરી દેવામાં આવ્યા છે, અથવા કાયદાઓ માટેના બુનિયાદી સિદ્ધાંતો દર્શાવી દેવામાં આવ્યા છે. જેના થકી જયારે પણ કોઈ નવી સમસ્યા સામે આવે તો એ સિદ્ધાંતોના આધારે નવા નિયમો બનાવી શકાય. આજે બનાવટી અને કુત્રિમ સંજોગો ઉભા કરવામાં આવે છે, આવેશ અને આવેગના આધારે કાયદાઓ બને છે. નારી અધિકારો માટે લડતી સંસ્થાઓ ચળવળ ચલાવે છે, વાતાવરણ ઉભું કરીને દબાણ બનાવે છે અને પછી સંસદમાં એકતરફી કાયદો બનાવવામાં આવે છે. ઉદ્યોગપતિઓ બનાવટી રીતે દેશ અને સમાજની જરૂરતોનું પ્રેઝેન્ટેશન રજૂ કરે છે અને પછી જમીન સંપાદનનો ઝુલમી કાયદો બનાવવામાં આવે છે.

ઈસ્લામી રાજવ્યવસ્થાની ત્રીજી અને સૌથી મહત્વની વિશેષતા આ છે કે કાયદો બનાવાનું કામ શાસકના હાથમાં નથી આપવામાં આવ્યું. બલકે એને દરેક રીતે શાસનથી દૂર સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. કારણ કે ઈસ્લામી રાજકરણમાં કાયદાના મુળ સ્ત્રોત કુરઆન અને હદીસ છે. અને કુરઆન –

હદીસનું જ્ઞાન ધરાવનાર વિદ્વાનો – ઉલમાઓ હોય છે. જ્ઞાન સત્તાનું ગુલામ નથી હોતું એટલે વિદ્વાનો અને ઉલમા સત્તાના દબાણથી દૂર રહીને ઈસ્લામી માર્ગદર્શન આપે છે. સત્તા અને ન્યાયપાલિકાનું કામ ફકત કાયદાને લાગુ કરવાનું છે. કાયદો ઘડવાનું કામ પણ સત્તા અથવા ન્યાયપાલિકા, બેમાંથી કોઈના હાથમાં નથી આપવામાં આવ્યું. બલકે પયગંબર સાહેબે લોકોને આદેશ આપ્યો છે કે જો શાસક કે સત્તા તમને કોઈ ગુનાનું કામ કરવાનું કહે તો એની વાત માનવી નહીં.

ઈસ્લામી રાજવ્યવસ્થાની એક ઓળખ સામાન્ય લોકોમાં અત્યંત કડક અને ક્રુર હોવાની છે. વિશેષ કરીને સ્ત્રીઓ બાબતે. પણ વાસ્તવિકતા એવી નથી. કુરઆનમાં ફકત ચાર ગુનાઓની નક્કી સજાનું વર્ણન છે. એક ચોરીની, એક હત્યાની, એક વ્યાભિચારની અને એક સ્ત્રી ઉપર વ્યાભિચારના ખોટા આરોપની. આ ચારમાંથી બે સજાઓ સ્ત્રીના ન્યાય અને સલામતી માટે છે.

ઈસ્લામ એના અનુયાયીઓને ધર્માનુસરણની ઘણી જ તાકીદ કરે છે. અને એક ધર્મ તરીકે ઈસ્લામી માર્ગદર્શન અને નિતિ નિયમો વ્યકિતગત અને સામુહિક જીવનના દરેક પાસાને આવરી લે છે. માટે જ મુસલમાનો દરેક ક્ષેત્રે ધર્મને આગળ રાખતા જોવા મળે છે. નમાઝ – રોઝા રાખે છે તો વ્યાજ અને દારૂથી દૂર રહે છે. એટલે કે ધાર્મિક ક્રિયાકાંડોને માણસના વહેવાર સાથે જોડી દેવામાં આવ્યા છે. માણસ ધર્મ પાળવાની સાથે વેપાર વહેવાર અને સમાજમાં પણ ભરપૂર રીતે કાર્યરત રહી શકે છે. વ્યાજ કે ચોરીના પૈસાથી માણસ ધાર્મિક કાર્યો ન કરી શકે. ગુનેગાર માણસ ધાર્મિક વડો કે ઈમામ ન બની શકે. શાદી કરવી હોય તો ધર્મ અને નેકી જોઈને કરો. વગેરે. એનાથી ધર્મના સંસ્કારો અને મર્યાદાઓ વહેવાર અને સમાજમાં પણ આવે છે અને સમાજ સંસ્કારી રહે છે. અને આ જ ઈસ્લામી રાજવ્યવસ્થાનો આધાર પણ છે. એમાં નમાઝ – રોઝા અને નિકાહ – તલાકની સાથે વેપાર – વાણિજય અને રહેણી કરણી બધું એક સંયુકત વ્યવસ્થાને આધીન રહે છે.

———————————————

# હઝરત મવલાના સય્યિદ વાઝેહ રશીદ નદવી સાહેબ રહ.

પાછલા દિવસોમાં તા. ૧૬ જાન્યુ. ૨૦૧૯ મુતાબિક ૯ જમાદિયુલ અવ્વલ ૧૪૪૦ હિ.ના દિવસે લખનઉ ખાતે હઝરત મવલાના વાઝેહ રશીદ નદવી રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

આપ રહ. હઝરત મવલાના અબૂલ હસન અલી મીયાં નદવી રહ.ના ભાણેજ અને નદવતુલ ઉલમાન લખનઉના વર્તમાન વ્યવસ્થાપક હઝરત મવલાના રાબેઅ હસની નદવી રહ.ના નાના ભાઈ થતા હતા.

આપ રહ. લખનઉ નિકટ તકિયા કલાં મુકામે ઈ.સન ૧૯૩૩ માં પેદા થયા. પ્રથમ દારૂલ ઉલૂમ નદવતુલ ઉલમા લખનઉમાં તાલીમ મેળવી અને પછી અલીગઢ મુસ્લિમ યુનિ.માં અંગ્રેજીમાં બી.એ. અને પછી એમ.એ. કર્યું. આ તાલીમ પૂર્ણ કરીને ઓલ ઈન્ડીયા રેડિયોમાં અનુવાદક અને એનાઉન્સર તરીકે ૧૯૫૩ થી ૧૯૭૩ સુધી સેવાઓ આપી. અને પછી દારૂલ ઉલૂમ નદવતુલ ઉલમા ખાતે અરબી ભાષાના ઉસ્તાદ તરીકે નિયુકત કરવામાં આવ્યા.

નદવતુલ ઉલમામાં અરબી ભાષા – સાહિત્ય વિભાગના વડા તરીકે સેવાઓ આપવા ઉપરાંત મવલાના અબ્દુલ્લાહ અબ્બાસ નદવી રહ. પછી નાઝિમે તાલીમાત તરીકેની ખિદમત પણ બજાવતા હતા. નદવતુલ ઉલમા ખાતેથી પ્રસિદ્ધ થતા પ્રતિષ્ઠિત અરબી માસિક જીવતપર્યંત અલ બઅષુલ ઈસ્લામીના તંત્રી રહયા. અરબી અને ઉર્દૂ ભાષામાં અનેક કિતાબો આપ રહ.એ સંપાદન ફરમાવી છે. ઉપરાંત હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની ફઝાઈલે કુરઆન અને ફઝાઈલે દરૂદ નામી ઉર્દૂ કિતાબોનો અરબી અનુવાદ પણ આપ રહ.એ ફરમાવ્યો છે. અરબી ભાષા અને સાહિત્યની ઉચ્ચ સેવા બદલ ભારત સરકાર તરફથી રાષ્ટ્રપતિ એવોર્ડ પણ આપ રહ.ને આપવામાં આવ્યો હતો.

દેશવિદેશમાં એક મહાન ઈસ્લામી વિદ્વાન તરીકે આપ રહ.ની ઓળખ હતી. અને વિવિધ પ્રોગ્રામોમાં આપ રહ.ને ઈસ્લામ અને મુસલમાનોનું

પ્રતિનિધિત્વ કરવા માટે આમંત્રિત કરવામાં આવતા હતા.

જામિઅહ જંબુસર ખાતે પણ વારંવાર આપ રહ. પધારતા હતા. જામિઅહ પ્રત્યે ઘણો જ લગાવ રાખતા હતા. અત્રે પધારવાની દાવત ખુશીથી સ્વીકારતા હતા અને જયારે પણ આવતા ત્યારે તલબા, ઉસ્તાદોને નસીહત ફરમાવતા હતા. ગત વરસે વાર્ષિક ઈનામી જલ્સામાં પણ આપ રહ. જામિઅહના મહેમાન હતા અને આજે અચાનક આપણને છોડીને અલ્લાહ તઆલાના મહેમાન બનીને આખિરત સિધાવી ગયા.

અલ્લાહ તઆલા હઝરત મવલાના રહ.ની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. એમની સઘળી ઈલ્મી – દીની – મિલ્લી સેવાઓને કુબૂલ ફરમાવે અને સદકએ જારિયહ બનાવીને કયામત સુધી એનો સવાબ આપ રહ.ને અતા ફરમાવે. એમના સગાંઓને, નદવહને અને આપણ સૌને સબ્રની તોફીક આપે. અને એમના અવસાનથી જે ખાલીપો અને નુકસાન થયું છે, એને અલ્લાહ તઆલા પૂર ફરમાવે. આમીન.

---

પ્રેસ્ટન યુ.કે. ખાતે વસતા જામિઅહના મુહસિન અને હમદર્દ જનાબ હાજી મૂસા મદન સા. રહ. પાછલા દિવસોમાં ભારત ખાતે પધાર્યા હતા અને અહિંયા જ કંથારીયા મુકામે આપ રહ. અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહિ..

પ્રેસ્ટન, યુ.કે ખાતે વસતા જામિઅહના બીજા હમદર્દ અને સહાયક જનાબ હાજી ઈબ્રાહીમ ભાઈલોગ પણ પાછલા દિવસોમાં વતન ખાતે આવ્યા હતા અને પોતાના વતન કરમાડ ખાતે અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ..

અલ્લાહ તઆલા બંને મરહૂમોની મગફિરત ફરમાવે. એમની નેકીઓ અને સખાવતોને કુબૂલ ફરમાવે અને સદકએ જારિયહનો સવાબ અતા ફરમાવે. સગાઓને સબ્રની તોફીક આપે અને એમની બરકતોને એમની વફાત પછી પણ જારી રાખે. આમીન.

અલબલાગના વાચકોથી મરહૂમનો માટે દુઆએ મગફિરત અને યથાશકિત ઈસાલે સવાબની દરખાસ્ત છે.

---

# બદ ગુમાનીની નહૂસત

*મવ. અ. માજિદ કોઠી. જામિઅહ જંબુસર*

માણસના સૌથી મોટા બે દુશ્મનો છે : (૧) શયતાન અને નફસ. આ બન્ને પરસ્પર માણસ માણસમાં લડાઈઓ – ઝઘડાઓ કરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. પરસ્પર એક બીજાને બદગુમાન કરાવી એક સામાન્ય વાતને મોટુ સ્વરૂપ આપી માણસને ફસાવી દે છે. જેના લીધે માણસ સામેવાળાની એક સામાન્ય ભૂલને આગળ પાછળનું વિચાર્યા વગર મોટુ સ્વરૂપ આપી દેતો હોય છે ત્યાર પછી તે ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે અને મોટી લડાઈઓ કરાવે છે.

બીજાના પ્રત્યે ખોટુ વિચારવું આને બદગુમાની કહેવાય છે. શરીઅતે બદગુમાનીને હરામ ઠેરવી છે. સામાન્ય રીતે લડાઈ – ઝઘડાઓનું મુખ્ય કારણ બદગુમાની જ હોય છે.અલ્લાહના રસૂલ (સલ.) નો ઈર્શાદ છે :

ایاکم والظن فان الظن اکذب الحدیث

અર્થ : તમે ગુમાનથી બચો કેમકે વધુ પડતુ ગુમાન જુઠ પર આધારિત હોય છે. તો સારા ગુમાનના બદલે શયતાન અને નફસ બદગુમાની કરાવે છે અને માણસને ફિત્નાઓમાં નાંખી દેતો હોય છે.

ઈમાનવાળાઓ પ્રત્યે બદગુમાની મહાપાપ છે. આજે આ સામાન્ય બાબત બની ગઈ છે. શું ખબર માણસના દિલોમાં એક બીજા પ્રત્યે કેવી કેવી બદ ગુમાનીઓ થવા લાગે છે. આજે આ બાબત જગ જાહેર છે. દીનદાર વર્ગ પણ આનાથી ખાલી નથી. અલ્લાહ તઆલાનું ફરમાન છે :

وما یتبع اکثرھم الا الظن وان الظن لا یغنی من الحق شیئا

અને એમાંથી વધુ પડતા ગુમાનની પેરવી કરે છે અને એમાં કોઈ શંકા નથી કે ગુમાન, સત્યની તુલ(નામાં કંઈ કામ આવી શકતુ નથી. માટે અલ્લાહના રસૂલ (સલ.) નો ઈર્શાદ છે : ظنوا بالمومنین خیرا

ઈમાનવાળાઓ સાથે નેક ગુમાન રાખો. બદ ગુમાની ન રાખો

ઈમામ અબૂ હનીફા (રહ.) એ આ હદીસનો મતલબ એ લીધો છે કે

કોઈ માણસમાં ૯૯ બાબતો એબની નીકળતી હોય માત્ર એક માર્ગ ખેરનો નિકળી આવે તો તમે તેની એક વાતના કારણે તેની સાથે નેક (સારૂ) ગુમાન રાખો. પરંતુ આજે આપણી હાલત શું છે ? દરેક વસ્તુ બતાવી રહી છે કે કામ તો ઠીક છે પરંતુ આપણે તેમાં બદગુમાનીનો માર્ગ શોધી રહયા હોઈએ છીએ.

હવે જયારે કે હુકમ છે કે મુસલમાન સાથે સારૂ ગુમાન રાખો તો જરા વિચારો કે કયામતના દિવસે જયારે માણસને હાજર કરવામાં આવશે કે તે ફલાણા વિશે બદગુમાની કેમ કરી હતી ? ચાલો કોઈ સબુત રજૂ કરો ! તો શું થશે ? કારણકે આપણે સામેવાળાની દિલની વાતો જાણતા ન હતા ! અને જો માણસ અન્ય પ્રત્યે સારૂ ગુમાન રાખશે ભલે પછી સામેવાળી વ્યકિત ખરાબ હોય તો પણ સવાબ તેને આપો આપ જ મળી જશે. તો આ કેટલી સરસ વાત કહેવાય કે નેક ગુમાન રાખો તો પણ સવાબ ! ભલે સામેવાળો માણસ ખરાબ હોય અને જો બદગુમાની રાખી તો કયામતના દિવસે તમારી આ બદગુમાની પર ગવાહ (શાક્ષી) રજૂ કરવા પડશે. સબુત અને પુરાવા રજૂ કરવા પડશે. સબુત અને ગવાહ રજૂ નહી કરી શકો તો તમારી પકડ થશે.

## બદગુમાની અને સંસ્કારિક રોગ

આ બદગુમાની તમામ ઝઘડાઓનું મૂળ છે. શયતાન ફસાદ પેદા કરવા માટે સૌ પ્રથમ આ જ હથિયારનો ઉપયોગ કરે છે કે લોગોને પરસ્પર બદગુમાન કરે છે. કોઈના દિલમાં અન્યના વિશે ખોટા વિચારો ઉત્પન્ન કરી તેમનામાં એકબીજા પ્રત્યે નફરત પેદા કરે છે. વાત એકદમ સામાન્ય હોય છે પરંતુ તે નકામો એવું એવું વિચારે છે કે આ નાનકડી અને સામાન્ય વાત તેને ઘણી મોટી લાગવા લાગે છે. હાલાંકે જે તે વિચારો રહયો હોય છે તેવું સામેવાળામાં કંઈ જ હોતુ નથી. ભાઈ! સૌથી પેહલા તમે તેની સાથે મળી સફાઈ શુધ્ધા કરી લો કે વાત શું છે પછી નિર્ણય લો. પણ નહીં, કેમકે શયતાન અને નફસ માનવીને એ રીતે ભટકાવે છે કે માનવી અનેક વિચારોમાં ડૂબી જાય છે અને ન વિચારવા જેવું વિચારી લે

છે અને પછી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લઈ શયતાનને ખૂશ કરવા મંડી પડે છે.

કયામતના દિવસે કેટલાય લોકો એવા હશે જે પોતાને સારા અને નેક સમજી રહયા હશે પરંતુ તેઓને અન્યોના સામે જ સૌથી પહેલા જહન્નમમાં ઊંધા મોઢે લટકાવવામાં આવશે. કેમકે અલ્લાહની મખ્લૂક સાથે તેમની બદગુમાની કરવાની ટેવ હોય છે. બદગુમાની પણ એક કુટેવ છે. સામેવાળાઓમાં અનેક ખૂબી હોય છે પરંતુ તેને તે નજર આવતી નથી પરંતુ જો તેનાની ભૂલમાં કે પછી જાણીજોઈને કંઈ એક ગુનાહિત કામ થઈ ગયું તો તેને મોટુ સ્વરૂપ આપીને આગળને આગળ વિચારવા લાગે છે. પરંતુ યાદ રાખજો જે મામલો તમે બીજાઓ સાથે કરો છો તે મામલો અલ્લાહ તઆલા તમારી સાથે પણ કરી શકે છે.

### દજલા નદીનું પાણી અને દારૂ

અબ્બાસી ખલીફા અબૂ જઅફર મન્સૂર શરાબ–દારૂથી અતિ ઘૃણા રાખતો હતો, સ્વયં પણ પીતો ન હતો અને અન્યોને પણ એના દસ્તરખાન ઉપર કે મહેલમાં પીવાની પરવાનગી ન હતી, એકવાર એક ઈસાઈ તબીબ શાહી મહેમાન બની મહેલમાં ઉતર્યો, જયારે તેની સામે ખાણું મૂકવામાં આવ્યું તો એમાં મદિરા ન હતી, ધર્મે ઈસાઈ હોવાથી એ દારૂને હલાલ સમજતો હતો, તેણે દારૂની માંગ કરી તો કહેવામાં આવ્યું કે "અમીરૂલ મુઅમીનીનના આતિથ્યમાં મદિરા નથી હોતી" તબીબ આ જવાબ સાંભળી ખાવાથી ઉઠી પડયો કે જો એમ છે તો મારે ખાવું જ નથી. મન્સૂરને ખબર પડી તો કહ્યું કે શરાબ વગર ખાય શકતો ન હોય ન ખાય, શરાબ આપવામાં આવશે નહીં. સવારે આ ઘટના બની હતી, જયારે રાત્રી ભોજનનો સમય થયો તો તબીબે ફરી મદિરાની માંગણી કરી, જવાબમાં એ જ વાત ફરી કેહવામાં આવી, અંતે તેણે ખાણું ખાય લીધું અને ખાવા બાદ દજલા નદીનું પાણી પીધું, પાણીનો સ્વાદ જોઈ અચંબામાં પડી ગયો, કહેવા લાગ્યો કે મદિરાનું સ્થાન કોઈ અન્ય પીણું લઈ શકે એવું હું સમજતો જ ન હતો, પરંતુ આજે દજલાનું પાણી પીને અનુભવુ છું કે હવે મદિરાપાન કરવાની આવશ્યકતા નથી. (તબરી : ૯/૩૦૯) (મુસલમાનોકા ઉરૂજ વ ઝવાલ. મવ. અકબરાબાદી : ૧૧૩)

# મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ જંબુસરમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

આજ રોજ તા : ૨૬/૧/૨૦૧૯ના જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ જંબુસર સંચાલિત મદની મેમોરીયલ હાઈસ્કુલ જંબુસરમાં ૭૦માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી, જેમાં કાર્યક્રમના અધ્યક્ષપદે જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસરના મેનેજીંગ ટ્રસ્ટી અને મદની હાઈસ્કૂલના પ્રમુખ મૌલાના મુફતી અહમદ યાકૂબ પટેલ બીરાજમાન હતા, જામિઅહ ઔધોગિક તાલીમી સંસ્થાના આચાર્ય ઝહીરભાઈ મારાજ જામિઅહ ઈંગ્લીંશ મીડીઅમના આચાર્ય સૈયદ મુસ્તકીમ સાહેબ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીગણ તથા કર્મચારીગણ તથા જામિઅહ જંબુસરના તલબાએ કિરામ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનથી કરવામાં આવી હતી, ત્યારબાદ મૌલાના મુફતી અહમદ સાહેબના વરદ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રગાન સાથે સમગ્ર વાતાવરણ દેશભકિતમય બની ગયું હતું.

પ્રાસંગિક પ્રવચન આપતા સૈયદ મુસ્તકીમ સાહેબે જણાવ્યું કે પ્રજાસત્તાક પર્વ એટલે બંધારણની ગરીમાનો પર્વ, પ્રજાસત્તાક દિવસે આપણને સાચા અર્થમાં અધિકારોનું રક્ષણ મળ્યું. પોતાના હકો બાબતે તેમણે જણાવ્યું કે આપણે અલ્લાહના હુકમ અને નબીના હકોનું રક્ષણ આપણે જ કરવાનું છે, સત્ય, પ્રેમ, વફાદારી, અહીંસા, દયાભાવના વિગેરે જેવા ગુણો નબી (સ.અ.વ.)ના સદકામાં આપણને મળ્યા છે, ત્યારે આપણે આ જ રસ્તે દુન્યવી શિક્ષણ પ્રાપ્ત કરીને શિક્ષણ થકી આપને બંધારણે આપેલા હકોનું રક્ષણ કરી શકીશું. આપણે સૌ સારું શિક્ષણ મેળવીને આપણું પોતાનું, સમાજનું, શાળાનું, સંસ્થાનું અને પરિવારનું નામ રોશન કરીએ અને સૌને શિક્ષણ થકી ગૌરવ અપાવીએ.

શાળાના મદદનિશ શિક્ષક અહમદ હુસૈન ગાઝીએ ૧૯૦૯થી લઈ ૨૦૧૯ સુધીની બંધારણની ઈતિહાસ ગાથાને વર્ણવી હતી. બંધારણ સમિતિમાં સૈયદ સાદુલ્લાહની વરણી અને ૧૯૦૯ થી ૨૦૧૯ સુધી આઝાદી માટેની કુરબાનીઓ અને ઉલમા હઝરાતની આઝાદીની લડતની કુરબાનીઓને યાદ

કરાવી હતી, શાહ વલીઉલ્લાહ (રહ.)ની કુરબાનીઓની યાદ તાજા કરાવી હતી. જમીઅતે ઉલમાએ હિન્દની આઝાદીની લડતથી આજ દિન સુધી મુસ્લીમ કૌમની સમસ્યાઓના ઉકેલની લડતને ૧૦૦ વર્ષ પૂર્ણ થયાની ઝાંખી કરાવતા જણાવ્યું કે હવે મુસ્લિમ કૌમમાં પરિવર્તનની જરૂર છે, હજુ પણ પ્રજા માનસિક ગુલામીમાં જીવે છે, માનસિક ગુલામીની મુકિત માટે દીની માહોલમાં દુન્યવી શિક્ષણ થકી પરિવર્તન લાવવું પડશે.

શાળાના આચાર્ય બશીર આઈ.પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે ભારતને આઝાદી અપાવવામાં ઉલમાએ કિરામનો અમુલ્ય ફાળો છે, ગુલામીમાંથી આઝાદી અપાવ્યા પછી બંધારણ ઘડવામાં પણ ખૂબ યોગદાન આપ્યું હતું અને જમીઅતે ઉલમાએ હિન્દના માધ્યમથી બંધારણની જાળવણી અને તેમાંય મઝહબી અધિકારો અને અબાધિત અધિકારોના રક્ષણ માટે આજ દિન સુધીની કાર્યશીલતાનો પરિચય હાજરજનોને કરાવ્યો હતો, તેઓએ જણાવ્યું કે કોઈ પણ દેશનો વહીવટ કે શાસન વ્યવસ્થા બ્યુરોકેશીના ઈશારે જ ચાલતા હોય છે, અને બ્યુરોકેસી તૈયાર કરનાર આલિમો જ હતા. તેમણે રહમાની – ૩૦ મુંગેર – બીહારના સંદર્ભે બ્યુરોકેશીની વિસ્તૃત છણાવટ કરી હતી, મૌલાના વલી રહમાની દ્વારા રેહમાની – ૩૦ ફાઉન્ડેશને આજે દેશના મોટાભાગની મુસ્લિમ વર્ગ–૧ અને વર્ગ–૨ના અધિકારો આપ્યા છે. જેઓ કેન્દ્રીય સચિવાલય અને દેશના વિવિધ રાજયોમાં પોતાની સેવાઓ આપી રહયા છે, તેઓએ જણાવ્યું કે શિક્ષણ થકી આપણે જાણકારી મેળવીને જ આપણે સંવિધાને આપેલ આપણી તમામ સ્વતંત્રતા જેવી કે ધાર્મિક, આર્થિક, સામાજિક તથા વાણી સ્વતંત્રતાને જાળવી શકીશું. માટે ઉચ્ચ શિક્ષણ મેળવી બંધારણે બક્ષેલા અધિકારોનું રક્ષણ કરવાનું છે, જો આપણે શિક્ષણ મેળવીને બંધારણે બક્ષેલા અધિકારોનું જતન કરવા આગળ નહી આવીએ તો આવનાર પેઢી આપણને કદી માફ કરશે નહીં, અને જેવી રીતે મુસલમાનોની આઝાદી માટેની કુરબાનીને ભુલાવી દીધી છે તેમ આપણા અધિકારોને પણ ભુલાવી દેવામાં આવશે અને છીનવી લેવામાં આવશે. તેઓએ જણાવ્યું કે આપણે સાચા મુસલમાન તરીકેની છબીને બિરાદરાને વતનની સામે પ્રસ્થાપિત કરવાની છે, ઉચ્ચ અખ્લાક અને સદવર્તન થકી તેમના હદયમાં સ્થાન મેળવવાનું છે, અને તે પણ બિરાદરાને વતનને ખુશ કરવા કે સારુ લગાડવા નહી, પરંતુ અલ્લાહના

આદેશ અને નબી (સ.અ.વ.)ના ફરમાનને માન આપી અલ્લાહ રસૂલને ખૂશ કરવા માટે કરવાનું છે, તેમણે જામિઅહ જંબુસરનું ઉદાહરણ આપતા જણાવ્યું કે મધ્યસ્થ મુલયાંકન કેન્દ્ર (એસ.એસ.સી. પેપર તપાસણી કેન્દ્ર) જયારે મદની હાઈસ્કુલમાં ૨૦૦૩માં પ્રથમવાર આપવામાં આવ્યું ત્યારે સૌરાષ્ટ્ર કાઠિયાવાડમાંથી પધારેલ બિરાદરાને વતનના ત્રણ શિક્ષકોએ મદ્રસાના ગેટમાંથી દાખલ થઈ સ્કૂલ ઢુંઢતા હતા ત્યારે જામિઅહના કાર્યાલયમાં તેઓની સાથે ઉચ્ચ અખલાક, સંસ્કારોના દર્શન થયા ત્યારે તેઓના હય્યામાં ધરપત પડી, ૧૦ દિવસના રોકાણ બાદ તેઓએ પ્રતિભાવ લેખિતમાં આપ્યો કે "અમે મદ્રસામાં પ્રથમ પ્રવેશ કર્યો ત્યારે એવું લાગ્યું કે આપણે તો તાલીબાનોની ભુમીમાં આવી ગયા, પરંતુ અમારી સામે જયારે સાચી પરિસ્થિતિ આવી, જાણકારી મળી અને મુસલમાન તરીકે બધાનો પરિચય થયો ત્યારે મનમાંથી એવા શબ્દો સરી પડયા કે જો આવી ૫૦ જેટલી સંસ્થાઓ ભાગલા સમયે દેશમાં હોય તો પાકિસ્તાન અલગ ન થાત."

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી પોતાનું ગહન અને સચોટ વકતવ્ય આપતા મૌલાના અહમદ સાહેબે જણાવ્યું કે દુનિયાના સર્વદેશોમાં જો કોઈ સર્વશ્રેષ્ઠ બંધારણ હોય તો તે દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ ભારતનું બંધારણ છે, આપણા બંધારણની રચના સમિતિમાં ઘણા મુસ્લિમોનું યોગદાન છે, બંધારણનો સૌથી મોટો અધિકાર આપણને મળ્યો છે અને તે છે ધાર્મિક આઝાદી, હવે આપણે આ અધિકારોનું રક્ષણ કરવાનું છે, મૌલાનાએ વધુમાં જણાવ્યું કે મઝહબી આઝાદીના હકને જીવતું જાગતું ઉદાહરણ આપણી ધાર્મિક સંસ્થા લઘુમતિ હાઈસ્કૂલ, લઘુમતિ આઈ.ટી.આઈ. છે, મૌલાનાએ જણાવ્યું કે દીન અને દુન્યા બંનેવનું શિક્ષણ જરૂરી છે, દીનનું ઈલ્મ એ આપણી પ્રથમ અને પ્રાથમિક જરૂરત છે, પછી બીજા નંબરે દુન્યવી ઈલ્મ છે, એક પૈડાથી ગાડી ન ચાલી શકે, માટે આપણે દીનનું ઈલ્મ હાસિલ કરીએ અને દુન્યવી ઈલ્મ પણ ઉચ્ચ ગુણવત્તા વાળુ શિક્ષણ મેળવવાનો આગ્રહ રાખીએ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક વાય. એચ. સારોદીએ કર્યુ હતું. આભારવિધિ શાળાના મદદનીશ શિક્ષક ગાંધી ઈમરાન હબીબે કરી હતી. અંતમાં મૌલાના મુફતી અહમદ સાહેબે દેશમાં અમન શાંતિ માટે દુઆ ગુજારી હતી.

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### વારસામાંથી બાદ કરવાની શરતે હયાતીમાં અવલાદને કરજ આપવું

સવાલઃ મારા પરિવારમાં હું મારી ઔરત તથા મારા બે ફરઝંદ કે જેઓ શાદી શુદા છે , તેમજ મારી નવાસી કે જે પેદાઈશથી સાથે રહે છે, મારી ત્રણ દીકરીઓ સસૂરાલમાં પોત પોતાના ઘરે છે. મારી મિલ્કતની સ્થિતિ આ પ્રમાણે છે (૧) ૭ રૂમ ધરાવતું મકાન (૨) સાવા છ એકર જમીન (૩) ૩૩૫૦૦૦ ત્રણ લાખ પાત્રીસ હજાર રોકડા.

હું પોતે બીમાર છું અને નિયમિત દવાનું સેવન કરું છું, અનુક્રમે નં ૩ માં દર્શાવેલ રકમ સામે મારે ૧ લાખ ૪૦ હજાર જેવું કર્ઝ ચુકવવાનું છે અને મારી દરેક દિકરીને રૂા. ૫૦,૦૦૦ લેખે કુલ ૧,૫૦,૦૦૦ વારસાઈ પેટે આપવાનો છું, જેમા મારી ઔરત, દિકરા એકમત, સહમત છે, અત્યારે જે રૂા. ૫૦,૦૦૦ માથા દિઠ (ત્રણને) આપવાનો ઈરાદો છે, તે રકમ મારા ઈન્તેકાલ પછી વારસાઈ હિસાબમાંથી કાપી લેવા દીકરીઓ સહમત છે, તો હું આ પ્રમાણે મારી હયાતીમાં આ વહેવાર કરી શકું છું કે કેમ ? તે જણાવવા આપને નમ્ર અરજ કરું છું.

જવાબ : حامدا مصليا ومسلما

આ વાત સમજી લેવી જોઈએ કે વારસા વહેંચણીનો હુકમ માણસની વફાત બાદ લાગુ થાય છે, આ અગાઉ માણસ પોતાના થનાર વારસદારોને પોતાની મિલકતમાંથી કંઈ આપે તો તે શરઈ દ્રષ્ટિએ "હિબા" (બક્ષિસ) ના હુકમમાં ગણાશે, અને આનો વારસાઈમાં શુમાર થશે નહીં, જેથી કાલે વફાત થયે વારસા વહેંચણી વેળાએ એને બાદ પણ કરવામાં આવશે નહીં. (ફતાવા મહમૂદીય્યહઃ ૧૬ / ૫૧૭, ૫૧૮ ઉપરથી)

માટે સદર સૂરતમાં આપ પોતાની દીકરીઓને જે તે દર્શાવેલ રકમ વારસા પેટે આપશો તો પણ એ બક્ષિસ ગણાશે, અને કાલે જયારે આપની રજાકઝા થયે વારસા વહેંચણી કરવામાં આવે, ત્યારે એની બાદબાકી કરવામાં નહીં આવે અને વફાત વેળાએ આપના છોડેલા તમામ માલમાં તેઓનો શરઈ નિયમ મુજબ પુરેપુરો ભાગ રહેશે.

અલબત્ત આપ પોતાના મકસદને પૂર્ણ કરવા આ સૂરત અપનાવી શકો છો કે દરેક દિકરીને મઝકૂર રકમ કર્ઝ આપવામાં આપે અને વફાત પછી વારસા વહેંચણીમાં શરીઅત તરફથી તેણીઓને મળતા ભાગમાંથી, કર્ઝ પેટે અપાયેલ રકમને બાદ કરી લેવામાં આવે અને ત્રણેવ દિરકીઓને અપાયેલ રકમ – કર્ઝ (૧,૫૦,૦૦૦ રૂા.) નો શુમાર આપની વફાત સમયે આપના તરકહ – વારસામાં થશે.(શર્હુલ મજલ્લહઃ ૧/૬૧૦ ઉપરથી)

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(તા. ૭ / સફર ૧૪૩૨ હિજરી – ૧૨ / ૧ / ૨૦૧૧ ઈસ્વી)

### *દબાણ કરીને બીજાની જમીનમાં કરેલ ખેતીનો હુકમ*

સવાલઃ મેં એક ખેતર ખરીદયું, ખરીદતી વખતે ખેતર વેચનારે ખેતરની હદો બતાવી દીધી, ખેતરની બધી દિશાઓએ કાયદેસર હદ ન હતી, એટલે કે હદ માટેની કોઈ નિશાની ન હતી, ખેતર ખરીદયા પછી એક દિશાના ખેડૂત પડોશીને પૂછયું તો એમણે કહયું કે તમે ખેતરની માપણી કરી ખરીદશો, મેં તેમને માપણી કરી લેવા તૈયારી બતાવી, પરંતુ તેઓ ઢીલ કરતા રહયા, આ દરમિયાન વાવણીનો સમય થતા મેં વાવણી કરી, હાલ ખેતરમાં ઉભો પાક છે અને માપણી કરતા જણાયું કે પડોશીના ખેતરનો આશરે દશેક ગુંઠા ભાગ દબાયો છે, જેના ઉપર મારું સમજીને મેં વાવણી કરી છે, ખેતર માલિકની બતાવેલી હદ પ્રમાણે જ મેં વાવણી કરી, વાવણી કરતી વખતે પડોશીએ મને રોકયો પણ નહીં, ખેતરની આ પ્રમાણેની હદ પહેલેથી નકકી છે, ખેતર વેચનાર પણ એ જ પોતાની હદ સમજતો હતો અને પડોશીને પણ ખબર ન હતી કે મારું ખેતર આટલી હદે

દબાયું છે.

તો હવે પૂછવાનું એ કે હું ફકત આ વર્ષ માટે આ ભાગનો પાક લઈ શકું, જેની મેં વાવણી કરી છે, જેના પર મને ખર્ચ થયો છે, પાક લઈ હું એમનો હિસ્સો પરત કરી આપીશ, પડોશી કહે છે કે હું તમને તમારો બધા વાવણી વગેરેનો ખર્ચ આપી દઉ અને પાક હું લઉ, તો ખરેખર આ પાક કોનો કહેવાય તે જણાવશો ?

જવાબ : حامدا مصليا و مسلما

ઈસ્લામી શરીઅત મુજબ કોઈકની જમીન દબાવી તેમાં ખેતી કરી લેવામાં આવી હોય અને આ જમીન ખેતી માટે માલિકે રાખી હોય તો આવી સ્થિતિમાં તેનો હુકમ જે તે વિસ્તારમાં ખેતી માટેના ઉર્ફ – પ્રચલિત રિવાજ મુજબ રહેશે. જો ભાગે આપવાનો રિવાજ હોય, તો સામાન્ય રીતે આ પ્રકારની જમીનનું જે ભાડું – દાણ ચાલતી હોય તે જમીન માલિકને આપવામાં આવશે અને પાક ખેડનારની ગણાશે અને જો આ પ્રમાણે રિવાજ ન હોય તો ખેડથી થયેલ નુકસાન ખેડનાર પાસેથી વસૂલ કરવામાં આવશે અને ખેડનાર પોતાનો સમગ્ર ખર્ચ બાદ કરી, વધારાના પાકને સદકહ કરી આપશે, (શર્હુલ મજલ્લહ : ૧ / ૫૦૫, દુરરુલ હુક્કામ : ૨ / ૫૧૯, કામુસુલ ફિકહઃ ૪/૪૪૧ ઉપરથી)

સવાલમાં દર્શોવેલ સૂરતમાં આપની જવાબદારી છે કે અસલ જમીનના માલિકને તેવણના હિસ્સાની જમીનને સોંપી દેવામાં આવે અને તેમાં વાવણી કરેલ ખેતી – પાકને ઉપરોકતમાં લેખલ વિગત મુજબ આધે ભાગે અથવા દાણે સમજી તે મુજબનો મુઆમલો કરી લેવામાં આવે, દબાણ ભુલથી થયું હોય અથવા જાણી બુઝીને કરવામાં આવ્યું હોય, બંને સુરતોનો હુકમ એક જ છે, અલબત્ત ભૂલથી થવાની સૂરતમાં માણસ ગુનેહગાર નહીં ગણાય. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(તા. ૧૦ / સફર ૧૪૩૨ હિજરી – ૧૫/ ૧ / ૨૦૧૧ ઈસ્વી)

*બોધકથા :*

પહાડો અને જંગલો વચ્ચે દૂર એક નાનકડી નદી હતી. અને ત્રણ માછલીઓ હળી મળીને એમાં રહેતી હતી. નદી નાની હતી અને દૂર હતી એટલે શિકારીઓને ધ્યાને આવી ન હતી. પરંતુ એક દિવસ માછીમારો આ નદી સુધી પણ પહોંચી ગયા. બીજા દિવસે આ નદીમાંથી માછલીઓ પકડવાનું નક્કી કરીને તેઓ પાછા ચાલ્યા ગયા.

ત્રણેવ માછલીઓને પોતાનો જીવ બચાવવાની ફિકર કરવા લાગી.

અંતે એક માછલી તો ગમે તેમ કરીને, ખાડાઓમાં કૂદતી કૂદતી એક નહેરમાં પહોંચી અને આગળ વધી ગઈ. બીજા દિવસે શિકારીઓ આવ્યા તો બીજી માછલીએ મરેલી હોવાનો ઢોંગ કર્યો, એટલે શિકારીએ ફેંકી દીધી. ત્રીજી માછલી બેપરવા થઈને પાણીમાં ટહેલતી – તરતી હતી, અંતે એ જાળમાં આવી ગઈ અને સરળતાથી શિકાર બની ગઈ.

બાળકોની ગમે એવી આ એક નાનકડી વાર્તા છે, પણ એનો સાર અને બોધપાઠ મોટો છે.

વાર્તા આપણને શીખવાડે છે કે મુસીબત આવવાની હોય ત્યારે એનાથી બચવાના અને તકેદારીના ઉપાય અગાઉથી કરવા ઘણા જરૂરી છે. પણ બધા એમ કરતા નથી. માણસોમાં આવા ત્રણ પ્રકારના લોકો હોય છે. અમુક લોકોને મુસીબતનો અંદાઝો આવે કે તુરંત તકેદારીના પગલાં ભરે છે અને સલામતીના ઉપાયો અપનાવે છે. અમુક લોકો છેલ્લે સુધી ગાફેલ રહે છે અને છેલ્લી ઘડીએ કોઈ ઉપાય કરીને બચવાનો પ્રયત્ન કરે છે, શકય છે કે તેઓ બચી જાય. અને અમુક લોકો છેલ્લે સુધી મોજ – ગફલતમાં મસ્ત રહે છે, જેઓ અંતે મુસીબતના શિકાર થઈ જાય છે.

ગુજરાતીમાં કહેવત છે : ચેતતો નર સદા સુખી. ●

# Muslims and India's Freedom Struggle

**India, from ancient times is famous for its civilization, rituals and natural recourses. It existed even in the immemorial times. According to many prophetic traditions, the Prophet Adam (peace be upon him), the first man on earth, landed in India. Interestingly Adam, the first prophet of Allah to the people, was the first man to stay at the soil of India. It is known to all that Muslims believe in all the prophets sent down by Allah on this earth. It is also known that all the prophets of Allah came with one religion that is Islam. So in this way, Muslims are the true successor of this land.**

**After the seventh century AD, the atlas of the world changed. As two great world empires i.e. Persia and Rome collapsed. India also could not guard itself from the effect of the international revolution that was brought about by Islam. In 711 AD, Muhammad Qasim entered India and cut off Sind. Later, it was the turn of Sultan Mahmood Gaznavi (reign 998-1030) who conquered a good part of western and northern India. Soon after him came Sultan Shihabuddin Gauri in 1206 who laid the foundation stone of Delhi Sultanate (1206-1526). Finally came Babar whose Mughal empire lasted for centuries (from 1526 to 1857).**

**The Mughal Empire with its all glory after the period of Aurangzeb Aalamgir (1618-1707) started**

declining. The undeserving successors of throne could not protect the inherited government from declining. Europe those days was passing by boundless scientific and economical progress while the Muslim empires like Ottoman Caliphate in Turkey and Mughal Empire in India could not sense the importance of scientific developments that were taking place in Europe. The onslaught of Europe on India started by the Portuguese pirates and colonialists in seventeenth century, but it was heightened when the English disguised as traders established bases with an eye on India' wealth and land. Later the East India Company began taking the country into its grip and finally it put an end to the 7-century old Muslim rule.

First, East India Company established its base in Surat where it got permission to operate business in the period of Jahangir in 1612. The company got marvelous success and occupied all three important ports of Bombay, Calcutta and Surat. Shah Waliullah Muhaddis Dehlawi (1703-1762) was the first person who apprehended the danger and was disappointed of the Muslim government to stand to an action. So he chalked out a plan of complete revolution. Shah Waliullah's various books reflect this thought and propound a complete framework. Shah Waliullah is the frontrunner of this field. Later, his sons and pupils forwarded his mission.

Meanwhile, the company began to expand its area. It resulted at a fierce fight between the company and Sirajuddaula in Palasi (Bengal) in 1757.

Sirajuddaula was defeated and the door was open for Britain to occupy Bengal. Afterwards, Haidar Ali and his son Tipu Sultan stood up to stop English steps in Deccan (Southern India). But this campaign suffered a major setback due to internal treachery and Tipu was martyred fighting in Srangapattam in 1799. The English general Nell climbed up his dead body and shouted: “From today India is ours”. Finally, one day in 1803 the Mughal king in Delhi was forcibly asked to sign a paper that read, “The people for Allah, the country for King his majesty and the order for the Company”.

Meanwhile, Shah Abdul Aziz (1746-1823) who was realizing the situation very carefully issued a fatwa saying that India has become a Darul Harb (non-Muslim country); Muslims must wage war against the British.

After 1803, there was no real threat to the English. The ground was not prepared to start any revolutionary movement. So, Syed Ahmad Shaheed, a disciple of Shah Abdul Aziz, with his some companions migrated to Qandahar in Afghanistan in search of a land from where he can run a movement and prepare a team for the revolution. There, he established an Islamic government and confronted with Sikhs who were a big obstacle in the way of their movement. Unfortunately, the greatest militant movement of this subcontinent suffered sedition of Afghans and finally collapsed. The remaining people, especially the Ulama-e-Sadiqpur, continued their mission inside India.

The sparks of hate and anger against the English burst again in 1857. This time it was not a mutiny of a group but mass revolt against the English throughout

the country. In Shamli people revolted in the leadership of Haji Imdadullah while they were fighting in Lucknow and Faizabad under the command of Begum Nawab and Maulana Ahmadullah. Meerut and Delhi were the centers where Indian army men were with Sultan Bahadur Shah Zafar. The revolt continued for months, but the Indians were defeated in the long run.

It is noteworthy that the caravan of freedom was led purely by Muslims till 1857. Since the power was snatched from Muslims so they were naturally the first enemies of the alien government. According to historians, 27,000 Muslims were only hanged to death. Not to speak of the 7-day-long massacre. Even the children were not spared. The atrocities that were perpetrated on women are beyond imagination. Shah Zafar was exiled to Rangoon and his descendents were finished off.

After the failure of 1857 revolution, the Muslim leaders changed their strategy. They started setting up educational institutions across the country to combat the government's disastrous policies. On the foremost of them was Maulana Muhammad Qasim Nanautavi and his colleagues who established Darul Uloom Deoband to produce a team of Ulama who can fight eyeball to eyeball with British government. The first student of Darul Uloom Deoband, Maulana Mahmood Hasan known as Shaikhul Hind, with his people drew a plan known as "Reshmi Rumal Movement" (Silken Letters Movements). Hazrat Shaikhul Hind had a secret agreement with Ottoman Caliphate of Turkey to attack on British bases in India and prepare ground for revolt. But this plan also

was sabotaged by some Muslims. Consequently, he with his colleagues was arrested and sent to Malta Island where they spent 3 years and later released when no guilt was proved.

As the 1st World War erupted the Indian subcontinent was resounding with the slogans of Khilafat Movement. Until this point of time, no prominent Hindu leader was in the field. Due to the World War, the global scenario changed and India Hindus got up from their long slumber. Shaikhul Hind in his way back to India from Malta was supposed to get down in Bombay. Gandhi Ji was amongst those who came to receive him. After that in a meeting Shaikhul Hind, Maulana Muhammad Ali Jauhar, Mukhtar Ansari and other Muslim leaders elected Gandhi Ji as the leader. Since Hindus were in majority, so it was necessary to win the local and international support by putting Hindu leaders forward.

Around 1919 Jamiatul Ulama came into being to provide Muslims a platform to fight against the English. It is worth mentioning that it was Jamiat, which taught the Congress to follow the path to freedom. Otherwise, it was not founded with sole purpose of independence. The Jamiat leaders worked closely with the Congress and inspired it to adopt non-cooperation, complete freedom and other programme.

Maulana Abul Kalam Azad, the genius scholar and prolific water of the Indian subcontinent, was the hero of India's independence. Through his writings and particularly historic newspapers al-Hilal and al-Balagh he heated up the continent with warm slogans of

freedom that made the colonialists restless. He headed the Congress especially in the most crucial times of independence history during the II World War and afterwards. It was the continuous pressure and wise policy of the Congress under his leadership that materialized the dream of freedom in shorter period.

These are some brief extracts from the history of freedom. Otherwise, the sacrifices that Muslims have offered to free India from the clutches of the English cannot be described in a short article. If we take only the names of the Muslim fighters it will take hours to finish. The most important thing is that Muslims were pioneer in freedom fighting and only they carried it on till 1900. The Hindu leaders appeared long after them and Muslims went parallel with them till the country was free. Muslims had always held high the torch of patriotism and freedom fighting.

Today, it is tragic enough that Muslims are blamed that they are traitors. Muslim fighters instead of being paid homage their names are removed from textbooks and history. While, many in Hindu community think that Muslims have got their share in the form of Pakistan, but they forget that still India has more Muslims than Pakistan or any other country in the world except Indonesia.

The purpose to mention these sacrifices is to remind today's Muslims of our brave past. Since, it is said that a nation which fails to treasure its history is lost in the darkness of ages. It has nothing that inspires it to face any threat with courage and determination.

---

## માનવી અને જાનવર

માનવીમાં બુદ્ધિ અને વાસના, બંનેવ હોય છે. જાનવરમાં બુદ્ધિનો અભાવ હોય છે. એટલે જાનવરને વાસનામાં લલચાવવું સરળ છે. માણસ પણ જો વાસના – શોખમાં લલચાય જાય તો એ જાનવર બની જાય છે.

## શુક્રે નેઅમત

ન ગોરે સિકંદર, ન હે કબ્રે દારા
મિટે નામિયોં કે નિશાં કૈસે કૈસે
કરે જિસ કદર શુક્રે નેઅમત વો કમ હે
મઝે લૂટતી હે ઝબાં કૈસે કૈસે ?

## આંખ અને માણસ

દુનિયાની બધી વસ્તુઓ ચકોર નજરે જોઈ લેતી માણસની આંખ એના અંદર આવી જતાં નાનકડા કચરાને નથી જોઈ શકતી, એ જ પ્રમાણે આખી દુનિયાની ભૂલો શોધતા માણસને પોતાની ભૂલો નથી દેખાતી.

## પાણીમાં તો મગર

નદીનું પાણી ઉપરથી શાંત હોય તો એનો મતલબ એવો નથી કે નીચે કોઈ મગર ન હોય.

## ઝરા તેઝ ચલો

રાત કે બાદ સુબહ હોગી મગર કિસ કે લિયે
હમ હી શાયદ ન રહેં રાત કે ઢલતે ઢલતે
તૂટી હૂઈ દીવાર કા સાયા ભી બહોત હોતા હે
પાંવ જલ જાએં અગર ધૂપ મેં ચલતે ચલતે
દિન અભી બાકી હે ઈકબાલ ઝરા તેઝ ચલો
કુછ ન સૂજેગા તુમ્હેં શામ કે ઢલતે ઢલતે

## દોસ્ત અને લિબાસ

માણસ જેમ લિબાસમાં છુપાયેલો હોય છે, લિબાસ થકી સારો દેખાય છે એ જ સ્થાન દોસ્તોનું છે. દોસ્તોમાં છુપાયેલો રહે છે અને સારા દોસ્તો થકી જ એ સારો ઓળખાય છે. અને જેમ લિબાસ માટે સારું કાપડ પસંદ કરીને બરાબર માપ લેવું પડે છે, એ જ પ્રમાણે દોસ્તી માટે યોગ્ય માણસ પસંદ કરીને માપ મુજબ પોતે એમાં સમાવું પડે છે.

## કાગડાની ચાલ

કાગડાની ચાલ માણસને મરેલા કુતરા પાસે લઈ જાય છે.

## તબિયત અને તરબિયત

ખરાબ તબિયતના માણસોને સહન કરી શકાય છે. પણ ખરાબ તરબિયત વાળા માણસોને સહન કરવા અઘરા છે.

## નસીહતોની ખૂશ્બૂ

નસીહતો ખૂશ્બૂદાર ફૂલોની જેમ હોય છે. બીજાઓને આપો તો થોડી ખૂશ્બૂ પોતે પણ સુંઘી લેવી જોઈએ.

## અકલ ઉપર પરદો

માણસને જયારે એના મુરબ્બી અને વડીલની નસીહત – ટકોર ખરાબ લાગવા માંડે તો સમજો કે એની અકલ ઉપર પરદો પડી ગયો છે, હવે એ નાદાનોની દુનિયામાં જઈ રહયો છે.

## પ્રેમ કયાંથી મળે ?

પ્રેમ શોધવાથી નહીં, વહેંચવાથી મળે છે.